૧

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૨ * અંક-૧૦ * જૂન, ૨૦૧૮



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● શુદ્ધ આત્મસ્વરૂપકા અનુભવ હી અંકુર હૈ. ઉસીસે હી અશુદ્ધ યા મિથ્યાત્વરૂપી અંકુર ઉખડ જાતા હૈ. શુદ્ધ જ્ઞાન સ્વભાવમેં રમના યહી જ્ઞાનાંકુર જ્ઞાનકી ઉન્નતિમેં સહકારી હૈ. ૧૬૭૭. (શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૧૯)

● જીવ વિશુદ્ધ સમ્યક્ત્વકો કલ્યાણકી પરંપરા સહિત પાતે હૈં. તાતૈ સમ્યગ્દર્શન રત્ન હૈ સો ઈસ સુર—અસુરનિકરિ ભર્યા લોક વિષૈં પૂજ્ય હૈ. ૧૬૭૮.

(શ્રી કુંદકુંદાચાર્ય, દર્શનપાહુડ, ગાથા-૩૩)

● જેમ જો કે જળ વિના કમળપત્ર ક્યાંય પ્રાપ્ત થતું નથી તો પણ તે કમળપત્ર જળથી લિપ્ત નથી, એ જ પ્રમાણે નવતત્ત્વો વિના જીવની પ્રાપ્તિ થતી નથી તોપણ શુદ્ધજીવ નવતત્ત્વોમાં લિપ્ત નથી. પરંતુ શુદ્ધદૃષ્ટિથી જોતાં તે કમળપત્રની માફક ભિન્ન છે. સારાંશ આ છે કે—જેમ કમળપત્ર જળથી ભિન્ન છે તેમ જ પરસંયોગ-વિયોગપૂર્વક થવાવાળા વ્યવહારનયના વિષયભૂત જીવાદિ નવપદાર્થોથી શુદ્ધદૃષ્ટિની અપેક્ષાએ જીવતત્ત્વ ભિન્ન છે. ૧૬૭૯.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૧૬૫ નો ભાવાર્થ)

● શત્રુ અને બંધુવર્ગ જેને સમાન છે, સુખ અને દુઃખ જેને સમાન છે, પ્રશંસા અને નિંદા પ્રત્યે જેને સમતા છે, લોષ્ટ (માટીનું ઢેફું) અને કાંચન જેને સમાન છે, તેમ જ જીવિત અને મરણ પ્રત્યે જેને સમતા છે, તે શ્રમણ છે. ૧૬૮૦.

(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા ૨૪૧)

● એકદેશ સ્વસંવેદન સર્વ સ્વસંવેદનનું અંગ છે. જ્ઞાનવેદનામાં વેદ્યો જાય તે સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. (તેને) સ્વસંવેદન જ્ઞાની જ જાણે છે. સ્વરૂપથી પરિણામ બહાર ગયું હતું તે જ સંસાર, સ્વરૂપાચરણરૂપ પરિણામ તે જ સાધક અવસ્થામાં મોક્ષમાર્ગ તથા સિદ્ધ અવસ્થામાં મોક્ષરૂપ છે. ૧૬૮૧.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૩૧)

● યહાં નિન્દિત દુર્જનસંગતિ પ્રાણીયોંકે જિસ દોષકો (અહિતકો) કરતી હૈ ઉસકો કરનેકે લિયે ન ભૂખસે પીડિત વ્યાઘ્ર સમર્થ હૈ, ન ક્રોધકો પ્રાપ્ત હુઆ આશીવિષ સર્પ સમર્થ હૈ, ન બલ વીર્ય એવં બુદ્ધિસે સમ્પન્ન શત્રુ સમર્થ હૈ, ન ઉન્મત્ત હાથી સમર્થ હૈ, ન રાજા સમર્થ હૈ ઔર ન ઉદ્ધત સિંહ ભી સમર્થ હૈ. ૧૬૮૨. (શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૪૨૭)

વર્ષ–૧૨
અંક–૧૦




વિ. સંવત
૨૦૭૪
June
A.D. 2018



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## અભૂતાર્થ ભાવોની હયાતીમાં પણ ભૂતાર્થસ્વભાવનો અનુભવ થઈ શકે છે.

પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવા યોગ્ય, સર્વતઃ અસ્ખલિત એક ચૈતન્યાકાર, નિત્ય વ્યવસ્થિત, ગુણભેદ રહિત, સ્વયં બોધરૂપ એવા ત્રિકાળી આત્માને યથાર્થ દૃષ્ટિમાં લેવાથી આત્માની સાચી અનુભૂતિ થાય છે. તે અનુભૂતિ શુદ્ધનય છે, ને તે અનુભૂતિ આત્મા જ છે. ખરેખર તો અનુભૂતિનો વિષય ત્રિકાળી ધ્રુવભાવ જ છે. પરંતુ અનુભૂતિની પર્યાયમાં 'અનુભૂતિની પર્યાય તે હું' એમ અનુભવ થતો નથી, પણ 'જ્ઞાયક-ભાવ-આત્મા તે જ હું' એમ અનુભવ થાય છે, તેથી અનુભૂતિ તે આત્મા એમ અહીં કહ્યું છે. વળી અનુભૂતિ તે શુદ્ધનય છે એમ કહ્યું. કારણ કે શુદ્ધનયનો જે વિષય છે—ત્રિકાળી જ્ઞાયકભાવ, તેને અનુભૂતિ જાણે છે, માટે અનુભૂતિ શુદ્ધનય છે. આવી અનુભૂતિ કેમ થાય ?—તેની વાત સમયસારની ૧૪મી ગાથામાં સ્પષ્ટ સમજાવી છે.

આત્માને કેવા સ્વરૂપે જાણવાથી અર્થાત્ દૃષ્ટિમાં લેવાથી સમ્યગ્દર્શન થાય છે તે વાત આચાર્યદેવ આ ગાથામાં સમજાવે છે.

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,
અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.

એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;
સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. ૩૬૦. —શ્રી સમયસાર

જે જ્ઞાનની પર્યાય અબદ્ધ, અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા આત્માને દેખે છે તેને હે શિષ્ય ! તું શુદ્ધનય જાણ. વર્તમાન એક સમયની પર્યાય વખતે જ પર્યાયના ભેદો રહિત, અનેકપણા રહિત આત્માને જે દેખે છે એટલે કે એવા એકરૂપ ત્રિકાળી અભેદ આત્માને જે અનુભવે છે તે જ અનુભૂતિ છે. આ અનુભૂતિ તે શુદ્ધનય છે ને તે અનુભૂતિ આત્મા જ છે.

જુઓ, અહીં અનુભૂતિને શુદ્ધનય તથા આત્મા કહ્યો છે, કારણ કે શુદ્ધનયનો જે વિષય ત્રિકાળી આત્મા છે તેને જ અનુભૂતિએ જાણ્યો છે. એટલે કે શુદ્ધનયનો વિષય તે જ અનુભૂતિનો વિષય છે; માટે અનુભૂતિ તે શુદ્ધનય છે. વળી તે અનુભૂતિ આત્મા જ છે એમ પણ કહ્યું. કારણ કે અનુભૂતિમાં એમ જાણે છે કે 'આત્મા તે જ હું છું', અનુભૂતિ એમ નથી જાણતી કે અનુભૂતિની પર્યાય તે હું (—આત્મા) છું. આમ આત્મા તે જ હું છું એમ જાણતી અનુભૂતિની પર્યાય આત્માની જાતની જ પ્રગટ થઈ હોવાથી અનુભૂતિ તે આત્મા જ છે એમ કહ્યું છે.

અનુભૂતિનો વિષય, સમ્યગ્દર્શનનો વિષય તો અનુભૂતિની પર્યાયથી પણ રહિત ત્રિકાળી એકરૂપ અભેદ જ્ઞાયકભાવ જ છે. પરંતુ અનુભૂતિની જે પર્યાય પ્રગટ થાય છે તે આત્માની જાતની પ્રગટ થાય છે, આત્માને લક્ષ બનાવીને પ્રગટ થાય છે ને પર્યાયો વિનાનો અભેદ આત્મા તે જ હું એમ અનુભૂતિમાં જણાય છે તેથી અનુભૂતિ તે આત્મા જ છે એમ કહ્યું છે.

એ રીતે અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ ને અસંયુક્ત એવા આત્માની અનુભૂતિ દ્વારા એક આત્મા જ પ્રકાશમાન થાય છે.

ત્યારે આત્મ-જિજ્ઞાસુ જીવ પ્રશ્ન કરે છે કે હે પ્રભો ! આપે જે અબદ્ધ-અસ્પૃષ્ટ આદિ ભાવવાળો આત્મા કહ્યો તેનો અનુભવ કેમ થઈ શકે ? કારણ કે અમને તો બદ્ધ-સ્પૃષ્ટત્વ, અન્યત્વ, અનિયત્વ, વિશેષત્વ તથા સંયુક્તત્વ એવા ભાવોરૂપ જ આત્મા દેખાય છે. ત્યારે આચાર્યદેવ કહે છે કે બદ્ધસ્પૃષ્ટાદિ ભાવો ઉપર ઉપર તરતા ભાવો છે, સ્વભાવમાં પ્રવેશ પામતા નથી, વિનાશી છે તેથી અભૂતાર્થ છે, તે ભાવો પર્યાયમાં જ છે, ત્રિકાળીમાં તેઓ નથી. તેઓ કાયમી નથી તેથી અસત્યાર્થ હોવાથી ભૂતાર્થ સ્વભાવના આશ્રયે અબદ્ધ—અસ્પૃષ્ટત્વાદિ ભાવસ્વરૂપ આત્માની અનુભૂતિ જરૂર થઈ શકે છે. કેવી રીતે ?—તે વાત દૃષ્ટાંતથી સમજાવે છે.

**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૧. —શ્રી સમયસાર**

હવે, કમલપત્ર, માટી, સુવર્ણ, સમુદ્ર તથા જળના સ્વભાવના દૃષ્ટાંત દ્વારા દૃષ્ટિના વિષયભૂત આત્મસ્વભાવને સરળપણે ટીકાકાર આચાર્યદેવ ટીકામાં સમજાવે છે.

**જળ-કમલપત્રવત્ અબદ્ધસ્પૃષ્ટ**

જળમાં ડૂબેલું કમળનું પાંદડું જળથી અલિપ્ત-અસ્પૃષ્ટ છે.

જેમ સરોવરમાં કમળનું પાન ડૂબેલું હોય ત્યારે પાણીના સ્પર્શવારૂપ અવસ્થાથી દેખતાં કમળપત્રને જળથી સ્પર્શાયેલાપણું ભૂતાર્થ છે, સત્યાર્થ છે. કમળપત્ર જળની અંદર ડૂબેલું હોવાથી જળને કમળનો સ્પર્શવારૂપ વ્યવહાર સંબંધ દેખાતો હોવાથી કમળપત્રને જળનું સ્પર્શવાપણું ભૂતાર્થ છે. તોપણ જળથી જરાપણ નહીં સ્પર્શાવા યોગ્ય કમળપત્રના સ્વભાવથી જોતાં કમળપત્રને જળનો સ્પર્શ બિલકુલ થયો જ નથી, તેથી કમળપત્રને જળનું સ્પર્શવાપણું અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. કમળના પાનમાં લૂખાશવાળી બારીક રૂવાંટી હોવાથી કમળપત્ર પાણીની અંદર ડૂબેલું હોય છતાં કમળપત્રનો લૂખાશનો સ્વભાવ મટી જતો ન હોવાથી તેને જળની ભીનાશ સ્પર્શી શકતી જ નથી. કમળપત્રના આવા વિશિષ્ટ સ્વભાવની દૃષ્ટિથી જોતાં કમળપત્રને જળનો સ્પર્શ થયો જ નથી તેથી તેને જળથી સ્પર્શાવાપણું અસત્યાર્થ છે. પાણીની અંદર ડૂબેલું છે ત્યારે પણ તે જળથી ભીનું થતું જ નથી, માત્ર પાણીમાં ડૂબેલું છે તેટલો વ્યવહારે સંબંધ દેખીને સ્પર્શાવાપણું ભૂતાર્થ કહ્યું હતું; પરંતુ કમળપત્રના સ્વભાવની દૃષ્ટિથી જોતાં તે જળમાં ડૂબેલું હોય ત્યારે પણ જળથી સ્પર્શાવાપણું છે જ નહીં. માટે કમળપત્રને જળથી સ્પર્શાવાપણું જૂઠું છે, અભૂતાર્થ છે.

તેવી રીતે અનાદિથી બંધાયેલા આત્માનો પુદ્‌ગલકર્મથી બંધાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં તેને બદ્ધ—સ્પૃષ્ટપણું ભૂતાર્થ છે. પર્યાય તરફ જોતાં, વર્તમાન પર્યાયમાં આત્માને કર્મ સાથે સંબંધ હોવાથી આત્માને બદ્ધસ્પૃષ્ટત્વ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. તોપણ, દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરતાં-પુદ્‌ગલકર્મથી જરાયે નહીં સ્પર્શાવાયોગ્ય એવા આત્મસ્વભાવની દૃષ્ટિ કરતાં—બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, અવસ્થાદૃષ્ટિ છોડીને આત્માના સ્વભાવની દૃષ્ટિથી જોતાં આત્માને બદ્ધસ્પૃષ્ટત્વ જુઠું છે, અભૂતાર્થ છે. પુદ્‌ગલકર્મ સાથે બંધાવા—સ્પર્શાવારૂપ વ્યવહારથી પર્યાયમાં સંબંધ હોવાથી અવસ્થા-દૃષ્ટિથી દેખતાં તે ભૂતાર્થ છે, તોપણ આત્મસ્વભાવની દૃષ્ટિથી જોતાં પુદ્‌ગલકર્મ સાથે

(જુઓ અનુસંધાન પેજ નં. ૮ ઉપર)

**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૨.** **–શ્રી સમયસાર**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૯-૫-૪૪, મંગળવાર) વ્યાખ્યાન નં. ૧૯
(ગાથા ૧૮)

એ ધ્યાન રાખવું કે અનુપચરિત વ્યવહાર તે પણ નિશ્ચયની અપેક્ષાએ તો ઉપચાર જ છે. તે ઉપચાર પણ કયા જીવને લાગુ પડે? સિદ્ધ ભગવાનને તે ઉપચાર લાગુ પડી શકે નહિ કેમકે તેમને તો કર્મ સાથેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અભાવ જ છે. અજ્ઞાની તો કર્મે જ્ઞાન રોક્યું અને જીવે કર્મ બાંધ્યા—એમ જ ખરેખર માની લ્યે છે, અર્થાત્ ઉપચારને જ વાસ્તવિક સ્વરૂપ માની લ્યે છે એટલે અજ્ઞાનીને ઉપચારનું ભાન પણ નથી. છદ્મસ્થ જ્ઞાનીને નિશ્ચય સ્વરૂપનું ભાન છે કે દરેક દ્રવ્ય સ્વતંત્ર ભિન્ન છે, એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે કર્તાકર્મસંબંધ પરમાર્થે નથી, પરંતુ છદ્મસ્થદશામાં રહેલા રાગી જીવને પરલક્ષે રાગ અને વિકલ્પ ઊઠે અને તેના નિમિત્તે પરમાણુમાં કર્મ વગેરે અવસ્થા થાય છે—એટલા નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરીને જ્ઞાની જીવ ઉપચાર કરે છે કે—અસદ્‌ભૂત વ્યવહારથી જીવ કર્મનો કર્તા છે; જે જીવે પરલક્ષ કર્યું તેને કર્મના કર્તાપણાનો ઉપચાર લાગુ પડ્યો. નિશ્ચયદૃષ્ટિમાં એટલે કે પરમાર્થ—નિશ્ચયનયથી તો કર્મ જ બંધાતું નથી, કર્મ બંધાય છે તે વ્યવહાર છે. દરેક પરમાણુ સ્વતંત્ર છે, તે પરમાણુની અવસ્થા પરમાણુમાં અને આત્માની અવસ્થા આત્મામાં. જડની અવસ્થા આત્મા કરી શકે નહિ અને આત્માની અવસ્થા જડ કરી શકે નહિ. દરેક દ્રવ્યમાં 'દ્રવ્યત્વ' નામની ત્રિકાળી શક્તિ છે, તે દ્રવ્યત્વ ગુણની શક્તિથી દરેક દ્રવ્યની અવસ્થા સ્વતંત્રપણે થાય છે, તેથી પરમાર્થદૃષ્ટિમાં તો એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે સંબંધ જ નથી, જીવ કર્મ બાંધતો નથી. કર્મ જીવને રાગાદિ કરાવતાં નથી, આ જ પરમાર્થ સત્ય છે. આ પ્રમાણે જાણ્યા પછી, બે દ્રવ્યની અવસ્થાને પરસ્પર નિમિત્ત—નૈમિત્તિક સંબંધ છે તથા તેના કારણે કર્તાકર્મપણાનો ઉપચાર આવે છે તેને જાણવું તે વ્યવહારનય છે.

અઢારમી ગાથા શરૂ થઈ છે, આ ગાથામાં આત્મા કર્તા-ભોક્તા કઈ રીતે છે તેનું વર્ણન છે. આ આત્માને કોઈ ઈશ્વરે બનાવ્યો એ વાત ખોટી છે. આત્મા સ્વયંસિદ્ધ વસ્તુ

**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૩. –શ્રી સમયસાર**

છે, તે અનાદિ-અનંત છે; જે વસ્તુ હોય તેનો કર્તા ન હોય, કેમકે જો કોઈ કર્તા કહો તો, તે વસ્તુ પહેલાં ન હતી અને પછી કર્તાએ બનાવી—એમ ઠરે અને તેમ થતાં વસ્તુનું ત્રિકાળીપણું ન રહ્યું. જે ત્રિકાળ ન હોય તેને વસ્તુ કહેવાય નહિ. આત્મા વસ્તુ છે, છે તેને કોઈ બનાવે નહિ, અને જે વસ્તુ હોય તેનો કદી નાશ ન થાય. આત્મા વસ્તુ છે એમ કહેતાં, તે ત્રિકાળી છે એમ આવી જ જાય છે. આ આત્મા છે, તે પૂર્વે પણ હતો જ. તેને કોઈએ બનાવ્યો નથી. આત્મા પોતાના ભાન વગર અનાદિથી દુઃખ પામ્યો છે, કોઈ ઈશ્વરે તેને રખડાવ્યો નથી, પણ આત્મા પોતે જ અજ્ઞાનભાવને લીધે રાગદ્વેષ કરીને દુઃખી થાય છે. પોતાના ભાવનો કર્તા પોતે જ છે એટલે પોતે જ ઈશ્વર (કર્તા) છે. તારા ભાવનો કર્તા તું જ અને ભોક્તા પણ તું જ છો. પુણ્ય-પાપભાવની શિક્ષા આપનારો કોઈ બીજો નથી, પણ જ્યારે આત્માએ પોતાને ભૂલીને રાગાદિ કર્યા ત્યારે આત્માના ગુણની હીનતા થઈ—એ જ તેની શિક્ષા છે. પાપનું ફળ નરક એ તો સંયોગની વાત છે, ખરેખર આત્માને સંયોગનું વેદન નથી, પણ પોતે અજ્ઞાનભાવે જે રાગાદિ કરે છે તેનું વેદન તે જ વખતે થાય છે અને તેનું જ દુઃખ છે; જ્યાંસુધી આત્માના ભાનપૂર્વક તે રાગાદિ ટાળે નહિ ત્યાંસુધી તે જીવ આત્મશાંતિને હણીને વિકારી ભાવોની આકુળતાને ભોગવ્યા જ કરે છે. સ્વર્ગ-નરક તો બાહ્ય સંયોગ છે, તે સંયોગમાં અજ્ઞાની અનુકૂળ-પ્રતિકૂળપણાની માન્યતા કરે છે અને તે માન્યતાને જ ભોગવે છે. આત્મા તો શાંતમૂર્તિ સ્વભાવે છે, તેને ક્ષેત્ર કે સંયોગનું વેદન નથી; પણ પોતાના રાગાદિ ભાવનું વેદન છે.

આત્મા કર્તા-ભોક્તા કઈ રીતે છે તે વાત ચાલે છે. આ અરિહંત કે કેવળીભગવાનની વાત નથી, પણ સંસારમાં રખડતા જીવો, પરના કર્તા-ભોક્તા નથી પણ પોતાના ભાવના કર્તા-ભોક્તા છે—એ વાત પહેલાં બતાવે છે. પહેલાં અશુદ્ધ આત્માની વાત લીધી છે. કેવળીને દુઃખ હોય નહિ, આ તો અનાદિના અજ્ઞાની આત્માને સમજાવવાની વાત છે. આત્માના સ્વરૂપનું જ્ઞાન નથી તેથી, સ્વભાવને અનુસરીને જે વેદન આત્માને હોવું જોઈએ તેને બદલે, રાગાદિ વિભાવભાવોનું વેદન તે કરી રહ્યો છે. સુખ-દુઃખનો કર્તા કોઈ ઈશ્વર નથી. જો દુઃખથી ઈશ્વર બચાવે એમ માનવામાં આવે તો અત્યાર સુધી દુઃખમાં રખડાવ્યો પણ તેણે જ, એટલે ઈશ્વરે જ અત્યાર સુધી દુઃખી કર્યો—એમ કહીને ઈશ્વરને ગાળ દેવા જેવું છે, પરંતુ ઈશ્વર કોઈને સુખ-દુઃખ આપતો નથી. કેમ કે ઈશ્વર તો રાગરહિત—વીતરાગ છે. જે રાગાદિ ભૂંડા ભાવ કરે છે તે ભાવ

**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**સુદૃષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને. ૩૬૪.** **–શ્રી સમયસાર**

ટાળીને પોતે જ સાચી સમજણના ભલા ભાવ કરી શકે છે, બીજો કોઈ કરાવે નહિ. સાચી સમજણનો અભાવ એ જ દુઃખ છે. પૂર્વ કર્મના કારણે શરીરમાં રોગ આવે કે બીજી પ્રતિકૂળતા આવે તેનું દુઃખ નથી.

જીવ કર્તા-ભોક્તા કઈ રીતે છે તેનું સ્વરૂપ નય—વિભાગ દ્વારા નીચેનાં છ પડખાંથી આચાર્યદેવ ગાથા ૧૩ થી ૧૮ સુધીમાં સમજાવે છે.

૧—નિકટવર્તી અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મનો કર્તાભોક્તા છે.

૨—અશુદ્ધનિશ્ચયનયથી રાગાદિ ભાવનો કર્તા-ભોક્તા છે.

૩—અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી શરીરનો કર્તા-ભોક્તા છે.

૪—ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી દૂર ક્ષેત્રવર્તી મકાન, વસ્ત્ર વગેરેનો કર્તા-ભોક્તા છે.

૫—શુદ્ધનિશ્ચયનયથી પોતાના શુદ્ધ સ્વભાવનો કર્તા-ભોક્તા છે.

૬—શુદ્ધસદ્ભૂતવ્યવહારનયથી કેવળજ્ઞાનાદિ શુદ્ધદશાનો કર્તા-ભોક્તા છે.

નય એટલે શ્રુતજ્ઞાનનું પડખું. વસ્તના અભેદ સ્વરૂપને જે જ્ઞાન જાણે તે નિશ્ચયનય છે અને વસ્તુના ઉપચારસંબંધને જે જ્ઞાન જાણે તે વ્યવહારનય છે. અનુપચાર અને ઉપચાર તે બંનેનાં વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન સમ્યગ્જ્ઞાનીને હોય છે તેથી 'નય' તે સમ્યગ્જ્ઞાનીના જ્ઞાનનો પ્રકાર છે, અજ્ઞાનીના જ્ઞાનમાં નય હોતો નથી પણ નયાભાસ હોય છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૫ થી ચાલુ)

બંધાવા—સ્પર્શાવા યોગ્ય સંબંધ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. બંને એકી સાથે છે. રાગ ને કર્મ સાથે સંબંધ, અવસ્થાદૃષ્ટિથી જોતાં દેખાય છે; પરંતુ દ્રવ્યસ્વભાવથી જોતાં તે જ સમયે રાગ ને પુદ્ગલ કર્મનો સંબંધ આત્માને નથી; માટે તે જૂઠો છે. વર્તમાન અવસ્થાદૃષ્ટિથી દેખતાં કર્મ સાથે બંધાવા—સ્પર્શવારૂપ સંબંધ છે પરંતુ તેમાં આત્મા જણાતો નથી, પર્યાયદૃષ્ટિથી આત્મા દેખાતો નથી. વસ્તુદૃષ્ટિથી જોતાં આત્મા દેખાય છે, જણાય છે, ત્યારે આત્મામાં બદ્ધ-સ્પૃષ્ટત્વ દૃષ્ટિગોચર થતાં નથી માટે તે જૂઠાં છે, અભૂતાર્થ છે.

એ રીતે બદ્ધ—સ્પૃષ્ટપણું અભૂતાર્થ હોવાથી સ્વભાવદૃષ્ટિએ વર્તમાનમાં જ આત્મા અબદ્ધ-અસ્પૃષ્ટ છે. માટે આત્માની અબદ્ધસ્પૃષ્ટરૂપ અનુભૂતિ થઈ શકે છે. *(ક્રમશઃ)* ❊

**એમ જ્ઞાન-દર્શન-ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,**
**ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો. ૩૬૫.** —**શ્રી સમયસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, એકેન્દ્રિયાદિ જીવોનાં પ્રાણોની સંખ્યા કહે છે :—

**एयक्खे चदु पाणा बितिचउरिंदिय-असण्णि-सण्णीणं ।**
**छह सत्त अट्ठ णवयं दह पुण्णाणं कमे पाणा ।।१४०।।**

અર્થ :—એકેન્દ્રિયને ચાર પ્રાણ છે, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય તથા સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તજીવોને અનુક્રમે છ–સાત–આઠ–નવ–દશ પ્રાણ છે. આ પ્રાણ પર્યાપ્તની અપેક્ષાએ કહ્યા છે.

હવે, એ જ જીવોને અપર્યાપ્તદશામાં કેટલા પ્રાણ છે તે કહે છે :—

**दुविहाणमपुण्णाणं इगिबितिचउरक्ख-अंतिमदुगाणं ।**
**तिय चउ पण छह सत्त य कमेण पाणा मुणेयव्वा ।।१४१।।**

અર્થ :—બંને પ્રકારના અપર્યાપ્ત (નિર્વૃત્ત્યપર્યાપ્ત તથા લબ્ધ્યપર્યાપ્તક) જે એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, —અસંજ્ઞી તથા સંજ્ઞીપંચેન્દ્રિયોને ત્રણ, ચાર, પાંચ, છ, સાત—એ પ્રમાણે અનુક્રમે પ્રાણ હોય છે.

ભાવાર્થ :—નિર્વૃત્ત્યપર્યાપ્ત તથા લબ્ધ્યપર્યાપ્ત એકેન્દ્રિયોને ત્રણ, બે ઇન્દ્રિયને ચાર, ત્રણ ઇન્દ્રિયને પાંચ, ચાર ઇન્દ્રિયને છ તથા અસંજ્ઞી–સંજ્ઞીપંચેન્દ્રિયને સાત—એ પ્રમાણે પ્રાણ હોય છે.

હવે વિકલત્રયજીવોનું સ્થાન દર્શાવે છે :—

**बितिचउरक्खा जीवा हवंति णियमेण कम्मभूमीसु ।**
**चरिमे दीवे अद्धे चरम-समुद्दे वि सव्वेसु ।।१४२।।**

અર્થ :—બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય એ ત્રણ વિકલત્રય કહેવાય છે. તે જીવો નિયમથી કર્મભૂમિમાં જ હોય છે તથા અંતના અર્ધા દ્વીપમાં અને અંતના આખા સમુદ્રમાં હોય છે, ભોગભૂમિમાં હોતા નથી.

**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન વિષયમાં,**
**તે કારણે આ આતમા શું હણી શકે તે વિષયમાં? ૩૬૬. –શ્રી સમયસાર**

ભાવાર્થ :—પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ વિદેહ એ કર્મભૂમિનાં ક્ષેત્રમાં તથા અંતના સ્વયંપ્રભદ્વીપની વચ્ચે સ્વયંપ્રભ પર્વત છે તે પર્વતની પાછળના અર્ધા સ્વયંપ્રભદ્વીપમાં તથા અંતના સ્વયંભૂરમણ નામના આખા સમુદ્રમાં આ વિકલત્રય જીવો છે, તેથી અન્ય જગ્યાએ નથી.

ભગવાને જ્યાં જે જીવ જોયા છે અને કહે છે તે જ્ઞાનનો વિષય છે. ધર્મી જીવ જ્ઞાન-સ્વભાવની પ્રતીતિપૂર્વક એવા સ્વરૂપનો જ વિચાર કરે છે.

જે ભગવાન આત્માનું ભાન કરીને કેવળજ્ઞાનદશાને પ્રાપ્ત થયા છે, તેમના જ્ઞાનમાં લોક-અલોકના સમસ્ત પદાર્થો જાણવામાં આવે છે અને દિવ્યધ્વનિમાં તેમનું વર્ણન કર્યું છે. અહીં તે લોક સ્વરૂપનું વર્ણન છે. આ લોકના સ્વરૂપનો વિચાર વસ્તુતઃ તે જ કરી શકે છે કે જેના આત્માના જ્ઞાનમાં સર્વજ્ઞપણું પ્રતીત થયું છે. આત્મામાં પુણ્ય-પાપના ભાવ થાય છે, તે વિકાર છે; તે જ્ઞાનસ્વભાવ નથી. દેહાદિ તો જડ છે, તે પણ જ્ઞાનસ્વભાવથી ભિન્ન છે અને અપૂર્ણ જ્ઞાન છે તેટલો ખરેખર સ્વભાવ નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ તો સર્વને પરિપૂર્ણ જાણવાવાળો છે. આ પ્રમાણે પોતાના પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ કરતાં અલ્પજ્ઞતા, વિકાર તથા જડને હેય જાણવાવાળો ખરેખર સર્વજ્ઞને જાણે છે અને તેને જ સર્વજ્ઞ દ્વારા કહેલા લોકના સ્વરૂપની સાચી અનુપ્રેક્ષા હોય છે.

કોઈ 'ણમો અરિહંતાણં' બોલે છે પરંતુ અરિહંતના સ્વરૂપનું ભાન નથી તેને કોઈ લાભ થતો નથી. જેમ ટેપરેકોર્ડર બોલે તેમ વગર સમજે બોલી જાય છે, તેમાં કોઈ અંતર નથી. જે સર્વજ્ઞના સ્વરૂપને ઓળખે છે તેને પોતાના આત્મામાં સર્વજ્ઞતાની ઓળખાણ થાય છે અને પુણ્ય-પાપ તથા અલ્પજ્ઞતાની રુચિ રહેતી નથી. જેણે આત્મામાં કેવળજ્ઞાન પ્રગટ થવાનું જોર જાણ્યું છે તે પુણ્ય-પાપથી લાભ માનતો નથી. વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં લાખો સર્વજ્ઞ ભગવાન બિરાજે છે. આ લોકમાં અનંત સિદ્ધ ભગવાન સર્વજ્ઞરૂપે બિરાજમાન છે, તેમને સર્વજ્ઞદશા ક્યાંથી પ્રગટ થઈ છે ? તે કાંઈ બહારથી નથી આવી પણ અંતરશક્તિના અવલમ્બનથી જ કેવળજ્ઞાન અને સર્વજ્ઞદશા પ્રગટ થઈ છે. તેની વર્તમાન પર્યાયે અંતર્મુખ સ્વભાવનું અવલમ્બન લીધું છે, કોઈ નિમિત્ત, પુણ્ય-પાપ અથવા અલ્પજ્ઞતાના અવલંબને કેવળજ્ઞાન થતું નથી.

આપણા આત્મામાં પણ સર્વજ્ઞતાની શક્તિ વિદ્યમાન છે તે આત્મા પોતાની શક્તિરૂપે કેવળજ્ઞાનની મૂર્તિ છે. તેની પ્રતીતિ વગર નવ લાખ કે તેથી વધારે ણમોકાર

**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કર્મમાં,**
**તે કારણે આ આતમા શું હણી શકે તે કર્મમાં? ૩૬૭. –શ્રી સમયસાર**

મંત્રનો જાપ કરે તોપણ ધર્મ થતો નથી. જેણે આત્મામાં સર્વજ્ઞસ્વભાવની પ્રતીતિ કરી છે તેના હૃદયમાં સર્વજ્ઞદેવ બિરાજમાન થયા છે અને તે સમકીતિ જીવ જ સર્વજ્ઞદેવે કહેલી લોક ભાવનાને ભાવે છે.

અહો ! સર્વજ્ઞદેવે પોતાના જ્ઞાનમાં લોકાલોકને પ્રત્યક્ષ જોયો છે અને મારામાં પણ તેવું સામર્થ્ય છે, તેના અવલમ્બનથી હું કેવળજ્ઞાન પ્રગટ કરીશ અને પોતાના જ્ઞાનમાં પણ લોકાલોકનું સ્વરૂપ પ્રત્યક્ષ જોઈશ. સર્વજ્ઞ સિવાય લોકનું એવું સ્વરૂપ કોઈ પ્રત્યક્ષ જાણી શકતું નથી; એટલે સર્વજ્ઞની પ્રતીતિ વગર એવી લોકભાવના ભાવી શકાતી નથી અને પોતાના જ્ઞાનસ્વભાવમાં અંતર્મુખ થયા વગર સર્વજ્ઞની સત્ય પ્રતીતિ થઈ શકતી નથી. આ પ્રકારે જ્ઞાનસ્વભાવની અંતર્મુખદૃષ્ટિપૂર્વકની આ બાર અનુપ્રેક્ષા છે. તેમાં કેવળજ્ઞાનની મહિમા આવે છે, તેની પ્રતીતિ કરવાથી સ્વભાવની રુચિ થાય છે અને પુણ્ય-પાપરૂપ વિકારીભાવની રુચિ છૂટી જાય છે. આ પ્રમાણે લોકના વર્ણનમાં પણ જ્ઞાનસ્વભાવની મહિમાનું ચિંતવન થાય છે.

જેણે પૈસા આદિ જડમાં લાભ માન્યો છે, તેને પૈસા પ્રાપ્ત કરવાના પાપભાવને લાભદાયક માન્યો છે પરંતુ પાપરહિત પવિત્રસ્વભાવને લાભદાયક માન્યો નથી. ધર્મી તો જાણે છે કે હું જ્ઞાયકમૂર્તિ છું, મને બાહ્ય વસ્તુથી લાભ નથી અને બહિર્લક્ષી પુણ્ય-પાપથી પણ લાભ નથી. મારા ચિદાનંદસ્વભાવમાં અંતર્મુખ થાઉં, તેટલો મને લાભ છે અને જેટલો બહિર્મુખ થાઉં એટલું નુકશાન છે. જેને આવી દૃષ્ટિ થાય છે, તે ધર્મી જીવ, પુણ્ય-પાપથી લાભ માનતો નથી. જેને પુણ્યને ધર્મ માન્યો છે, તેણે પુણ્યરહિત જ્ઞાનસ્વભાવને લાભદાયક માન્યો નથી, તે તેના જ્ઞાનની ભૂલ છે, તે મિથ્યાજ્ઞાનથી સંસારમાં રખડ્યા કરે છે.

જગતના જીવોને અનાદિથી જીવ-અજીવ ઈત્યાદિ સાત તત્ત્વો સંબંધી ભૂલો ચાલતી આવી છે. તે સાત તત્ત્વોની ભૂલ તો જીવ કરે છે; અજીવની ભૂલ કોઈ અજીવમાં નથી રહેતી પણ જીવ પોતે ભૂલ કરે છે. હું શરીરની ક્રિયા કરું છું, મને શરીરની ક્રિયાથી લાભ થાય છે, મને પુણ્ય-પાપના ભાવમાં આનંદ આવે છે, સત્ય સમજણમાં ગુંચવાઈ જાઉં છું આદિ બધી માન્યતા સાત તત્ત્વોની ભૂલ છે અને તે ભૂલથી જીવ, સંસારમાં પરિભ્રમણ કરે છે. ચિદાનંદ સ્વભાવમાં જ આનંદ છે, તેના સિવાય પુણ્ય-પાપના

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)

**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કાયમાં,**
**તે કારણે આ આતમા શું હણી શકે તે કાયમાં? ૩૬૮.** –**શ્રી સમયસાર**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

હવે ગુરુ કહે છે કે—હું કહું છું એમ વિચાર કર તો શુદ્ધ થાય. વસ્તુ તો શુદ્ધ છે, પણ પર્યાયમાં શુદ્ધતા અથવા આનંદ આવે તે માટે વિચારની ક્રિયા કર. વિચારની ક્રિયાથી સ્વમાં અવાય છે; બીજી રીતથી સ્વમાં અવાતું નથી. જે અશુદ્ધપણું થઈ રહ્યું છે તે ટળી, અવસ્થામાં શુદ્ધતા થાય. ''સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય'' ''કર—વિચાર તો પામ'' સમજવું અથવા વિચાર કરવો એ એક જ ઉપાય છે.

શું વિચાર કરવો ? આ રોગ, આ શરીર, આ મન, વાણી, આ ક્રોધ વગેરેને જ્ઞાન જાણે છે, પરનું જાણપણું પર કરતું નથી. દયાનો ભાવ થયો, ક્રોધ થયો વગેરે વિકલ્પો પોતે પોતાને જાણતા નથી. જ્ઞાને જાણ્યું કે આ દયા થઈ, વિકલ્પ ઊઠ્યો, દેહ અટક્યો, વાણી મૌન રહી. આ બધું જ્ઞાન વિના ન જણાય ને જ્ઞાન આત્મા વિના ન હોય. હું ન હોઉં તો આ શરીર છે, આ રાગ છે, એમ કોણે જાણે ? પ્રથમ ગુણની પર્યાય કહી, હવે તે આત્મા વિના ન હોય એમ કહ્યું, પુણ્ય-પાપ, દયા-દાનાદિની વૃત્તિ ઊઠે તે પરપદ છે, તે પર પદને જાણનારું મારું પદ છે. રાગ-વિકલ્પ તે હું નથી, હું તો જ્ઞાન છું. એમ વિચારની ક્રિયા અથવા જ્ઞાનની ક્રિયા અંતરમાં વાળવી એ ધર્મ છે. જ્યાં ભૂલ્યો ત્યાં ભૂલ ટાળવાનો પ્રયત્ન કર. જડ ભૂલતું નથી. રાગ એ હું, દ્વેષ એ હું, તે માન્યતા પર્યાયબુદ્ધિવાળાની છે. તે રાગનું જાણપણું જ્ઞાન વિના ન હોય. જાણનહાર તે મારું પદ છે. વિકાર પર છે. મારી વસ્તુ જ્ઞાનશક્તિ ને પ્રભુત્વશક્તિથી ભરેલી છે. વિકાર કૃત્રિમ છે. તેની લપ છોડી તેને જાણનાર દશાને મારા સ્વભાવમાં વાળું તે મારું પદ છે. શરીર, મન, વાણી ત્રણકાળમાં મારાં નથી, પુણ્ય, પાપ તથા વ્યવહારરત્નત્રયના પરિણામ ઊઠે છે, તે મારું પદ નથી દેવ-ગુરુ એમ કહે છે કે અમોને સાંભળવાનો વિકલ્પ ઊઠ્યો તે તારું પદ નથી, જાણપણું એ જ તારું પદ છે.

જાણપણાનો સ્વભાવ જે સ્થાનમાં વ્યાપેલ છે ત્યાં પુણ્ય-પાપરહિત સમ્યક્ દૃઢ ભાવ તે નિશ્ચય સમકિત છે, એ જ આત્માનો અનુભવ છે. અથવા આત્માના અમૃતનો

**છે જ્ઞાનનો, દર્શન તણો, ઉપઘાત ભાખ્યો ચરિતનો,**
**ત્યાં કાંઈ પણ ભાખ્યો નથી ઉપઘાત પુદ્‌ગલદ્રવ્યનો. ૩૬૯. —શ્રી સમયસાર**

સ્વાદ છે. જ્યાં જ્યાં રાગ છે ત્યાં ત્યાં હું નથી. રાગની નાસ્તિ કરવી પડતી નથી. હું જ્ઞાનજ્યોતિ છું એવા ભાવમાં દ્રઢતા થવી તે સમ્યકૃત્વ છે. શુદ્ધ આનંદકંદમાં પ્રતીતિ આવી ને જ્યાં જ્યાં જ્ઞાન અને આનંદ ત્યાં ત્યાં હું–એ મોક્ષમાર્ગની પ્રથમ સમકિત કળા છે. "જ્યાં જ્યાં જ્ઞાન થાય ત્યાં ત્યાં તું અને જ્યાં જ્યાં રાગ ત્યાં તું નહિ."–એમ જે કહે તે દેવ, ગુરુ, શાસ્ત્ર સાચા, તે પ્રત્યેનો શુભરાગ પ્રથમ હોય છે. તે ટાળી સ્વભાવ તરફ વળે તો શુભરાગને વ્યવહાર કહેવાય. આ સુગમ છે, છતાં વિષમ માને છે. વાણીથી, દયા-દાનથી તથા શાસ્ત્રથી જ્ઞાન પ્રગટે એમ માની વિષમ માની બેઠો છે. ભગવાન ચૈતન્યસ્વરૂપ આત્મા રજકણથી પાર, મન-વાણીથી દૂર છે. પર્યાયમાં પરવ્યાપકપણું છૂટીને સ્વવ્યાપકપણું થાય તેનું નામ સમકિત છે. અહીંથી ધર્મની શરૂઆત થાય છે.

પર તરફ જ્ઞાન રોકાણું તે અસાવધાનતા છે, તેને ટાળી જ્ઞાનામૃતનું પાન કરી બ્રહ્મપદમાં ઉતરવું. મોહને ટાળવો તે નાસ્તિથી કથન છે. બ્રહ્મ એટલે પોતાના આનંદસ્વરૂપમાં ઊતરતાં રાગની નાસ્તિ થઈ જાય છે. પ્રથમ જ્ઞાન રાગમાં ઊતરતું તે હવે પોતામાં ઊતરે છે, તે સમ્યગ્દર્શન છે. અનાદિ જ્ઞાન અને આનંદથી શોભતા તત્ત્વને સંભારી સ્વમાં ઊતરે તે અનુભવ છે. રાગ અને વિકારનો અનુભવ તે સંસાર છે. જ્ઞાન અને આનંદને અનુસરીને અનુભવ થાય તે ધર્મ છે. આ વિધિ અંતરમાં બેસે નહિ ત્યાં સુધી અંતર્મુખ વળવાની લાયકાત થાય નહિ.

અજ્ઞાની જીવને પરનું માહાત્મ્ય આવે છે. મેં શરીરને ચલાવ્યું, પરની સેવા કરી, એમ ઊંધાઈથી માને છે. એક સમયનો સંસાર સ્વભાવમાં નથી, આનંદ પામીને ખેદને ટાળ. ચિદાનંદ સ્વરૂપમાં ભવ નથી ને ભવના કારણરૂપ વિકાર નથી, માટે ચિદાનંદને સંભાળી જ્ઞાનામૃતનું પાન કર. પોતાને ભૂલીને પરિભ્રમણ કર્યું છે, કર્મને લીધે રખડ્યો નથી. કર્મ આત્મામાં ત્રણ કાળમાં નથી. અજ્ઞાનીએ ઊંધું માન્યું હતું તે પર્યાયનો ખેદ ચિદાનંદ સ્વરૂપની સંભાળ કરતાં ટળી જાય છે.

ધર્મ કેમ થાય તેની વાત ચાલે છે. કોઈ કહે કે આમાં જાત્રા વગેરેની વાત આવતી નથી. મિથ્યાત્વ-રાગદ્વેષાદિ શત્રુને જીતે એવા શત્રુંજય આત્માની વાત ચાલે છે. બહારના પર્વત ઉપર ચડે–ઉતરે એમાં ધર્મ નથી. કોની જાત્રા કરવી છે ? જાત્રાનો ભાવ શુભરાગ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

જે ગુણ જીવ તણા, ખરે તે કોઈ નહિ પરદ્રવ્યમાં,
તે કારણે વિષયો પ્રતિ સુદૃષ્ટિ જીવને રાગ ના. ૩૭૦. –શ્રી સમયસાર

પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી શ્રોતાઓએ સાંભળેલા કેટલાક

## મંગલ સૂચક સ્વપ્ના

* વિ.સં. ૧૯૭૧માં વેજલકા ગામે રાત્રિના સ્વપ્ર આવ્યું હતું, જેમાં આખું આકાશ શાસ્ત્રો લખેલાં પાટિયાઓથી ભરેલું હતું....(શું આગમ મંદિરનો સંકેત હતો ?)
* એક રાત્રિના સ્વપ્રમાં આખું આકાશ છઠ્ઠના અસંખ્યાત ચંદ્રમાંઓથી છવાયેલું દેખ્યું હતું.
* દીક્ષા લીધા પછી, એકવડિયો ઊંચો દેહવાળો અને ઝરીવાળા કપડાં પહેરેલ રાજકુમાર વારંવાર સ્વપ્નમાં આવતો. પરંતુ તે કોણ છે તે ખબર પડતી નહીં. પછી જ્યારે ભગવતીમાતા પૂજ્ય બેનશ્રી ચંપાબેનને સાતિશય જાતિસ્મરણ થયું અને વાત થઈ ત્યારે ખબર પડી કે પોતે (પૂજ્ય ગુરુદેવ) ભૂતકાળના ભવમાં મહાવિદેહમાં ફતેહકુમાર નામના રાજકુમાર હતા.
* ૨૦૦૯ના માગશર સુદ એકમે રાત્રિના સ્વપ્નમાં પૂજ્ય ગુરુદેવે શ્રી સીમંધરનાથના અદ્‌ભુત દિવ્ય દેદાર દેખ્યા હતા. (બરાબર તે જ દિવસે શ્રી માનસ્તંભમાં ભગવાનની બેઠકનું સ્થાપન થયું હતું.)
* પૂજ્ય ગુરુદેવશ્રીને ૨૦૧૭ના જેઠ સુદ ૮ને બુધવારે રાતના લગભગ ૧૦-૪૫ પહેલાં આવેલું સ્વપ્ન :—'શ્રી કુંદકુંદાચાર્ય આવ્યા છે સાક્ષાત્ કુંદકુંદાચાર્ય આવ્યા છે. ચાલો રે ચાલો....બધા ત્યાં જઈએ....દર્શન કરવા જઈએ' આમ બધાને ભેગા કરવાનો તથા કપડાં પહેરી તૈયાર થવાનો કોલાહલ—શોરબકોર થઈ રહ્યો છે, પૂજ્ય ગુરુદેવના અંદર આત્મામાં ઘણો જ આનંદ આવી ગયો છે. ખૂબ જ ઉલ્લાસ આવી ગયો છે. અંદરમાં રોમ રોમ ઉલ્લસી ગયા છે. જાણે કે અંદરમાં કોઈ ચમક આવી ન હોય? કોઈ ચમત્કાર થયો હોય એવો અતિશય આહ્‌લાદ-આનંદ થયો છે. સ્વપ્નમાં વિચાર આવ્યો કે કુંદકુંદાચાર્ય અહીં કેવી રીતે! અહીં ક્યાંથી! શું લબ્ધિ પ્રગટી હશે !!! તે ઉપરથી જાણે મહાવિદેહમાં કુંદકુંદાચાર્ય પધાર્યા હોય તે પ્રસંગનો ભાવ લાગતો હતો. પૂજ્ય ગુરુદેવને પોતાના શરીરની ઊંચાઈ વગેરે વર્તમાન દેહ

**વળી રાગ, દ્વેષ, વિમોહ તો જીવના અનન્ય પરિણામ છે,**
**તે કારણે શબ્દાદિ વિષયોમાં નહીં રાગાદિ છે. ૩૭૧. –શ્રી સમયસાર**

જેવું ભાસતું હતું અને ભાવ વિદેહક્ષેત્રમાં કુંદકુંદાચાર્ય પધાર્યા હોય એવો લાગતો હતો. શ્રી કુંદકુંદાચાર્ય બહાર વનમાં છે. ત્યાં સાક્ષાત્ બિરાજે છે...સાક્ષાત્ પધાર્યા છે અને તેમના દર્શન કરવા જવું છે તેનો પૂજ્ય ગુરુદેવશ્રીને કોઈ અવર્ણનીય ખૂબ જ ઉલ્લાસ-આનંદ હતો. તે ઉલ્લાસ ને ઉલ્લાસમાં આંખ ઉઘડી ગઈ.....

જેઠ સુદ નોમને ગુરુવારે આ સ્વપ્નાની વાત કરતાં કહ્યું કે સ્વપ્નામાં કોઈ અનેરો ઉલ્લાસ હતો. જે વનમાં કુંદકુંદાચાર્યદેવ આવ્યા હતાં તે વન બહુ મોટું અને મનહર હતું. તે આ (સોનગઢ) ગામ નહોતું પણ કોઈ મોટું નગર હતું. તે નગર વિદેહનું હતું કે અહીંનું તેનો ખ્યાલ નથી આવ્યો. તોપણ વિદેહનું હોય તેવો ભાસ થતો હતો. હાલમાં કુંદકુંદાચાર્યદેવ સંબંધી કોઈ વિચારો કે એવું કાંઈ આવ્યું નથી. આવું સ્વપ્નું અચાનક કુદરતે આવ્યું છે. આવું આનંદ ઉલ્લાસભર્યું સ્વપ્ન પહેલાં કદી નથી આવ્યું. આ સ્વપ્ન નીકટતા બતાવે છે. આ સ્વપ્ન જરૂર કાંઈક સૂચક છે.

- ૨૦૨૦ પોષ સુદ દસમે સ્વપ્નમાં બાહુબલી ભગવાનના દર્શન કર્યા.
- એકવાર સ્વપ્નામાં ઉછળતો દરિયો દેખાયેલો. પણ જેવા તેઓશ્રી (પૂજ્ય ગુરુદેવશ્રી) દરિયાની નજીક ગયા કે તરત જ કુદરતે તેના બે ભાગ પડી ગયા અને વચ્ચે રસ્તો થઈ ગયો....
- ૨૦૨૩ મહા સુદ એકમની રાત્રે સ્વપ્ન આવ્યું. જેમાં ગારૂડી સર્પના દર પાસે એવી કોઈ વનસ્પતિ મૂકે છે કે સર્પ બહાર આવીને ઝેર ઓકી જાય છે.
- ૨૦૨૩ના શરદપૂર્ણિમાની રાત્રે સ્વપ્નમાં ખડ્ગાસન ભગવાનના દર્શન કર્યા. સ્ફટિક જેવા સ્વચ્છ અને જાણે કે અખંડ સાકરના ગાંગડામાંથી બન્યા ન હોય? તેવા ભગવાન હતા.
- ૨૦૨૫ની સાલમાં એકવાર સ્વપ્નમાં એવું આવ્યું કે આકાશમાંથી એક બંધ કવર પૂજ્ય ગુરુદેવશ્રીના ખોળામાં આવ્યું. તેમાં શું છે તે જોવા કવર ઉઘાડે છે ત્યાં તો આંખ ઉઘડી ગઈ...(જાણે કે ભગવાનનો કોઈ દિવ્ય સંદેશ ન હોય!)
- તા. ૮-૧-૭૯ના રોજ જ્ઞાયકમાં બધું જ સમાય જાય છે. પરનો કર્તા નથી, રાગનો અકર્તા છે વગેરે બધા જ સિદ્ધાંતો તેમાં આવી જાય છે. આમ સભામાં પૂજ્ય ગુરુદેવ પ્રતિપાદન કરે છે.'—તેવું સ્વપ્ન વહેલી સવારે આવ્યું.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

**કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,**
**તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨.** **–શ્રી સમયસાર**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## દર્શન–આચાર અને ચારિત્ર–આચાર

વસ્તુ અને સત્તામાં કથંચિત્ અન્યપણું છે; આખી વસ્તુ એક જ ગુણ જેટલી નથી, તેમ જ એક ગુણ તે આખી વસ્તુરૂપ નથી. વસ્તુમાં કથંચિત્ ગુણ-ગુણી ભેદ છે; આથી વસ્તુના દરેક ગુણ સ્વતંત્ર છે. શ્રદ્ધા અને ચારિત્રગુણ જુદા-જુદા છે. ચારિત્રગુણમાં કષાય મંદ પડે તેથી શ્રદ્ધાગુણમાં કાંઈ લાભ થાય એમ બનતું નથી. કેમ કે શ્રદ્ધાગુણને અને ચારિત્રગુણને અન્યત્વ ભેદ છે. કષાયની ઘણી મંદતા કરવી તે ચારિત્રગુણની વિકારી ક્રિયા છે. શ્રદ્ધા અને ચારિત્રગુણમાં અન્યત્વભેદ છે તેથી ચારિત્રના વિકારની મંદતા તે સમ્યક્ શ્રદ્ધાનો ઉપાય નથી; પણ પરિપૂર્ણ દ્રવ્યસ્વભાવની રુચિ કરવી તે જ શ્રદ્ધાનું કારણ છે.

શ્રદ્ધાગુણ સુધારવા છતાં ચારિત્રદશા ન સુધરે, કેમ કે શ્રદ્ધા અને ચારિત્રગુણ જુદા છે. રાગના ઘટાડા ઉપરથી કે ચારિત્રગુણના આચાર ઉપરથી જે જીવ સમ્યક્શ્રદ્ધાનું માપ કાઢવા માગે છે તે મિથ્યાદૃષ્ટિ છે. તેને વસ્તુસ્વરૂપના ગુણભેદની ખબર નથી, કેમકે સમ્યગ્દર્શનના આચાર અને સમ્યક્ચારિત્રના આચાર જુદા-જુદા છે.

ઘણો કષાય હોવા છતાં સમ્યગ્દર્શન હોય અને એકાવતારી હોય. વળી ઘણો મંદ કષાય હોવા છતાં સમ્યગ્દર્શન હોય નહિ અને અનંત સંસારી હોય છે. અજ્ઞાનીએ ચારિત્રના વિકારની મંદતા કરી પણ તેને શ્રદ્ધાના સ્વરૂપનું ભાન નથી. પહેલાં સાચી શ્રદ્ધાની ખીલવટ વગર કદાપિ ભવનો અંત આવે નહિ. સાચી શ્રદ્ધા વગર ચારિત્રનો અંશ પણ ખીલે નહિ.

જ્ઞાનીને વિશેષ ચારિત્ર ન હોવા છતાં વસ્તુસ્વરૂપનું ભાન હોવાથી દર્શન-આચારમાં તે નિઃશંક હોય છે. મારા સ્વભાવમાં રાગનો અંશ પણ નથી, હું જ્ઞાનસ્વભાવી જ્ઞાતા જ છું–આવી જેણે પ્રતીત કરી છે તેને ચારિત્રદશા ન હોવા છતાં તેના દર્શન-આચાર સુધરી ગયા છે, શ્રદ્ધામાં તેને કદાપિ શંકા પડતી નથી. ‘રાગ થવાને લીધે મારા સમ્યગ્દર્શનમાં દોષ આવી જતો હશે!’ એવી શંકા જ્ઞાનીને હોય નહિ; કેમ કે તે જાણે છે કે રાગ થાય તે ચારિત્રનો દોષ છે, પણ ચારિત્રના દોષ વડે શ્રદ્ધાગુણમાં મલિનતા આવી જતી નથી. હા, જો રાગ થાય તેને પોતાનું સ્વરૂપ માને અથવા પરમાં

રે! પુદ્ગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,
તેને સુણી, ‘મુજને કહ્યું’ ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩.　　–શ્રી સમયસાર

સુખબુદ્ધિ માને તો તેને શ્રદ્ધામાં દોષ આવે. સાચી પ્રતીતની ભૂમિકામાં અશુભરાગ થઈ જાય તો તેનો પણ નકાર કરે છે અને જાણે છે કે આ દોષ ચારિત્રનો છે, તે મારી શ્રદ્ધાને નુકશાન કરવા સમર્થ નથી—આવું દર્શન-આચારનું અપૂર્વ સામર્થ્ય છે.

દર્શન-આચાર (સમ્યગ્દર્શન) જ સૌથી પહેલો પવિત્ર ધર્મ છે. અનંત પરદ્રવ્યોના કામમાં હું કાંઈ નિમિત્ત પણ થઈ શકતો નથી, એટલે પરથી તો ભિન્ન જ્ઞાતા જ છું; અને આસક્તિના જે રાગ-દ્વેષ છે તે પણ મારું સ્વરૂપ નથી, તે મારા શ્રદ્ધાસ્વરૂપને નુકશાન કરવા સમર્થ નથી.—આવું દર્શનાચારની પ્રતીતિનું જે જોર છે તે અલ્પકાળે મોક્ષ આપવાનું છે; અનંત ભવનો નાશ કરીને એકાવતારીપણું કરી દેવાની દર્શનાચારની તાકાત છે. અને આવા દર્શનાચારની પ્રતીત પ્રગટ કર્યા વગર રાગ ઘટાડીને અનંતવાર બાહ્ય ચારિત્રાચારનું પાલન કરવા છતાં દર્શનાચારના અભાવે તેના અનંત ભવો ટળ્યા નહિ. પહેલાં દર્શનાચાર વગર કદાપિ ધર્મ હોય નહિ.

પરથી ભિન્ન નિવૃત્તસ્વરૂપ શ્રદ્ધામાં માન્યું એટલે તરત જ બધી રાગાદિની પ્રવૃત્તિ અને સંયોગ છૂટી જ જાય–એમ નથી, કેમ કે શ્રદ્ધાગુણ અને ચારિત્રગુણને કથંચિત્ જુદાપણું છે. તેથી શ્રદ્ધાગુણની નિર્મળતા પ્રગટ થવા છતાં ચારિત્રગુણમાં અશુદ્ધતા પણ રહે છે. જો સર્વથા એક શ્રદ્ધાગુણરૂપ જ દ્રવ્યને માનવામાં આવે તો શ્રદ્ધાગુણ નિર્મળ થતાં આખું દ્રવ્ય જ સંપૂર્ણ શુદ્ધ થઈ જવું જોઈએ; પણ શ્રદ્ધાગુણને અને આત્માને સર્વથા એકત્વ–અભેદપણું નથી, તેથી શ્રદ્ધાગુણના અને ચારિત્રગુણના વિકાસમાં ક્રમ પડે છે. આમ હોવા છતાં ગુણને અને દ્રવ્યને પ્રદેશભેદ ન માનવા; શ્રદ્ધા અને આત્મા પ્રદેશ અપેક્ષાએ તો એક જ છે. ગુણને અને દ્રવ્યને અન્યત્વભેદ હોવા છતાં પ્રદેશભેદ નથી. વસ્તુમાં એક જ ગુણ નથી પણ અનંત ગુણ છે અને તેમનામાં અન્યત્વ નામનો ભેદ છે, તેથી જ શ્રદ્ધા થતાં તત્ક્ષણે પૂર્ણ ચારિત્ર કે કેવળજ્ઞાન થતું નથી. જો શ્રદ્ધા થતાં જ તે જ ક્ષણે સંપૂર્ણ કેવળજ્ઞાન થઈ જાય તો વસ્તુના અનંત ગુણો જ સિદ્ધ થતાં નથી.

કેરીના દૃષ્ટાંતે અન્યત્વભેદનું સ્વરૂપ સમજાવે છે–કેરીમાં રંગ અને રસ ગુણ જુદા છે, રંગગુણ લીલીદશામાંથી પલટીને પીળીદશારૂપ થાય છતાં રસ તો ખાટો ને ખાટો જ રહે, તેમ જ રસગુણ પલટીને મીઠો થાય છતાં કેરીનો રંગ તો લીલો જ રહે, કેમ કે રંગ અને રસગુણ જુદા છે. (આ દૃષ્ટાંત સમજવું.) તેમ વસ્તુમાં દર્શનગુણ ખીલે છતાં ચારિત્રગુણ ન ખીલે. પરંતુ એમ તો ન જ બને કે ચારિત્રગુણ ખીલે અને દર્શનગુણ

**પુદ્‌ગલદરવ શબ્દત્વપરિણત, તેહનો ગુણ અન્ય છે,**
**તો નવ કહ્યું કંઈ પણ તને, હે અબુધ ! રોષ તું ક્યમ કરે ? ૩૭૪. –શ્રી સમયસાર**

ન ખીલે. એટલે એ ખાસ ધ્યાન રાખવું કે સમ્યગ્દર્શન વગર કદી પણ સમ્યક્ચારિત્ર હોઈ જ ન શકે.

પ્રશ્ન :—એમ શા માટે બને છે? શ્રદ્ધા અને ચારિત્ર બંને ગુણ તો સ્વતંત્ર છે.

ઉત્તર :—ગુણો સ્વતંત્ર છે એ વાત ખરી છે. પરંતુ શ્રદ્ધાગુણ કરતાં ચારિત્રમાં વિશેષ પુરુષાર્થની જરૂરિયાત છે અને શ્રદ્ધા કરતાં ચારિત્ર વિશેષ પૂજનીક છે, તેથી પહેલાં શ્રદ્ધા ખીલ્યા વગર ચારિત્રગુણ ખીલી જ ન શકે. જેનામાં શ્રદ્ધાગુણ માટેનો અલ્પ પુરુષાર્થ ન હોય તેનામાં ચારિત્રગુણનો ઘણો જ પુરુષાર્થ તો ક્યાંથી હોય? પ્રથમ સમ્યક્શ્રદ્ધા પ્રગટવાનો પુરુષાર્થ કર્યા પછી વિશેષ પુરુષાર્થ કરતાં ચારિત્રદશા પ્રગટે છે. શ્રદ્ધા કરતાં ચારિત્રનો પુરુષાર્થ વિશેષ છે. તેથી પહેલાં શ્રદ્ધા થાય છે અને પછી ચારિત્ર થાય છે. માટે પહેલાં શ્રદ્ધા પ્રગટ થાય અને પછી ચારિત્ર ખીલે. શ્રદ્ધાગુણની ક્ષાયિક શ્રદ્ધારૂપ પર્યાય હોવા છતાં જ્ઞાન અને ચારિત્રમાં અપૂર્ણતા હોય. આથી સિદ્ધ થાય છે કે વસ્તુમાં અનંત ગુણો છે અને તે બધા સ્વતંત્ર છે; આ જ અન્યત્વભેદ છે.

જ્ઞાનીને ચારિત્રના દોષને લીધે રાગ-દ્વેષ થાય છતાં તેને અંતરથી નિરંતર સમાધાન વર્તે છે કે—આ રાગ-દ્વેષ મને પરવસ્તુના પરિણમનના કારણે નથી, તે મારા દોષથી થાય છે, છતાં તે મારું સ્વરૂપ નથી. મારી પર્યાયમાં રાગ-દ્વેષ થાય તેને લીધે પરમાં કાંઈ જ ફેરફાર થતો નથી.—આવી પ્રતીતિમાં જ્ઞાનીને રાગ-દ્વેષનું સ્વામીત્વ ઊડી ગયું છે અને જ્ઞાતાપણાનો અપૂર્વ નિરાકુળ સંતોષ વર્તે છે. કેવળજ્ઞાન થવા છતાં અરિહંતપ્રભુના પ્રદેશત્વગુણની અને ઊર્ધ્વગમનસ્વભાવની નિર્મળતા નથી તેથી જ તેઓ સંસારમાં છે. અઘાતિ કર્મની સત્તાને લીધે પ્રભુને સંસાર છે—એમ નથી; અન્યત્વ નામનો ભેદ હોવાને લીધે હજી પ્રદેશત્વ વગેરે ગુણનો વિકાર છે, તેથી જ સંસારમાં છે.

(ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૧ થી ચાલુ)

વિકારીભાવ જીવને દુઃખદાયક છે, સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા જ જીવને સુખદાયક છે—એમ જે માને છે તે જીવને પૈસા અથવા પુણ્ય-પાપના ભાવની રુચિ રહેતી નથી એવા જ જીવને આ લોકભાવના સાચી હોય છે.

લોક છ દ્રવ્ય સ્વરૂપ છે, ત્યાં લોકમાં રહેલા છ દ્રવ્યોમાંથી જીવના ભેદોનું વર્ણન ચાલી રહ્યું છે. (ક્રમશઃ) ❊

**શુભ કે અશુભ જે શબ્દ તે 'તું સુણ મને' ન તને કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને; ૩૭૫. –શ્રી સમયસાર**

## સુગમ દૃષ્ટાંત દ્વારા ગહન સિદ્ધાંતની સમજૂતી

## અરીસાનું દૃષ્ટાંત

એક સુંદર મજાનો અરીસો છે. પણ તેના ઉપર કાદવ ચોપડીને કોઈ પોતાનું મુખ જુએ તો અરીસામાં પોતાનું મુખ દેખાશે નહિં. અરીસા ઉપર કાદવને બદલે કોઈ ચંદનને ઉત્તમ સમજીને તેનો લેપ લગાડીને પોતાનું મુખ જુએ તો તે ચંદનના લેપવાળા અરીસામાં પણ પોતાનું મુખ નહિં દેખાય. કાદવ અને ચંદન બંને લેપ છે—અરીસાની સ્વચ્છતાના બાધક છે, તેમ સમજીને બંને લેપથી રહિત સ્વચ્છ અરીસામાં જુએ તો જ પોતાનું મુખ બરાબર દેખાય છે.

તેમ આપણો આ આત્મા સ્વ-પરપ્રકાશક ચૈતન્ય અરીસો છે. પણ તેના ઉપર પાપનો કાદવ ચોપડીને કોઈ જુએ તો તેને પોતાનું સ્વરૂપ નહિં દેખાય. કદાચ પાપના કાદવને બદલે પુણ્યરૂપ લેપ લગાડીને પોતાનું સ્વરૂપ જોવા જશે તો પણ પોતાનું સ્વરૂપ નહિ દેખાય.

ચૈતન્ય સ્વચ્છ સ્વભાવાવળા અરીસાને માટે પાપ અને પુણ્યભાવ બંને લેપ છે, આવરણ છે, ચૈતન્ય અરીસાની સ્વચ્છતાના બાધક છે. તેથી તે શુભાશુભ રાગરૂપી લેપને દૂર કરીને જુએ તો જ્ઞાન-અરીસામાં પોતાનું અચિંત્ય સ્વરૂપ કે જે તેણે ભૂતકાળમાં કદાપિ જોયું નથી તેના દર્શન થાય. અરીસાની માફક ભગવાન આત્મા લોકાલોક પ્રકાશક દિવ્ય અરીસો છે, કે જે ચૈતન્ય અરીસામાં ત્રણ-કાળ, ત્રણ લોકના પદાર્થો એક જ સમયમાં યુગપદ્ પ્રતિબિંબિત થાય છે.

## જળનું દૃષ્ટાંત

એક તપેલામાં સ્નાન કરવા માટે પાણી ગરમ થઈ રહ્યું છે. તે ગરમ પાણીમાં ઉપર નીચે, આજુબાજુમાં, ગમે ત્યાં હાથ અડાડતાં પાણી સર્વત્ર ગરમ જ જણાય છે. પાણીની ગરમ અવસ્થા વખતે પણ પાણીનો સહજ સ્વભાવ શીતળ છે, એવો નિર્ણય કોઈ ઈન્દ્રિય દ્વારા થઈ શકતો નથી. માત્ર જ્ઞાન દ્વારા જ એ નિર્ણય થાય છે. જ્ઞાન જાણે છે કે પાણીમાં વર્તમાન પૂરતી જે ઉષ્ણતા જણાય છે તે પાણીનું સહજ સ્વરૂપ નથી; પણ અગ્નિના નિમિત્તે થયેલી વિકૃતિ છે. તેથી પાણીને અગ્નિનો સંબંધ છૂટતાં જેવું સહજ શીતળ સ્વભાવવાળું છે તેવું જ અવસ્થામાં પ્રગટપણે શીતળ થઈ જાય છે.

એવી જ રીતે આત્મામાં કર્મના નિમિત્તે પર્યાયમાં વર્તમાન પૂરતો કષાયભાવ દેખાય છે; છતાં કષાય વખતે પણ આત્માનો અકષાયી સ્વભાવ તો એવો ને એવો સદાય વિદ્યમાન છે તેમ જ્ઞાન બરાબર જાણે છે. કષાય વખતે પણ મારો અકષાય સ્વભાવ સદા વિદ્યમાન છે એવો નિર્ણય જ્ઞાન દ્વારા જ થઈ શકે છે. જ્ઞાન જાણે છે કે મારા અપરાધથી હું કર્મના લક્ષે કષાયરૂપે પરિણમું છું. પણ એ પરિણમન વર્તમાન પૂરતું છે. કષાયરૂપે થવું તે મારું કાયમી સ્વરૂપ નથી. મારું કાયમી સ્વરૂપ તો અકષાયીપણું છે. જે કષાય વખતે પણ સદાય ટકી રહે છે. અકષાયીપણું આત્માનો સહજ સ્વભાવ છે. તેથી પુરુષાર્થ દ્વારા કર્માદિ પર પદાર્થોનું લક્ષ છોડીને આત્મા અવસ્થામાં પ્રગટપણે અકષાયી થાય છે.

જળના દૃષ્ટાંતની જેમ સુગમ દૃષ્ટાંતો દ્વારા સૈદ્ધાંતિક ગહન વિષયો સરળતાથી સમજી શકાય છે. તેથી જ આચાર્યો તથા સંતો ઠેર-ઠેર ગહન વસ્તુસ્વભાવ સમજાવવા પરિચિત સુગમ દૃષ્ટાંતો આપીને અનાદિથી અપરિચિત એવો વસ્તુસ્વભાવ સમજાવે છે.

(અનુસંધાન પેજ નં. ૧૫ થી ચાલુ)

* ૨૦૩૬ના ફાગણ વદ ૧૩ની પાછલી રાત્રે સુરેન્દ્રનગરમાં એવું સ્વપ્ન આવ્યું કે પૂજ્ય ગુરુદેવશ્રી સ્વાધ્યાયમંદિરના શ્રી સમયસારજીના ગોખલા આગળ ઊભા છે અને તેમાંથી અવાજ આવ્યો કે 'જિનવાણી જયવંત વર્તો.....જિનવાણી જયવંત વર્તો...જિનવાણી જયવંત વર્તો.'

* મહાવિદેહનું સમવસરણ અહીં આવે તો....? તેવો ભાવ તા. ૨૩-૩-૮૦ના રોજ આવ્યો. અહા ! મહાવિદેહ યાદ આવતા રોમ-રોમ ખડા થઈ જાય છે, આંખમાં આંસુ આવે છે. અહા ! કુંદકુંદાચાર્ય સદેહે ત્યાં ગયા હતાં. પરંતુ અમે.... (તો જઈ શકતા નથી.) અને ભારતનો માનવી ત્યાં ગયો હતો. પણ શું ત્યાંથી કોઈ અહીં આવે ?

* ગુણવંતા જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં.....આમ પૂજ્ય ગુરુદેવશ્રી ઘણીવાર કહેતા હતા તે ઉપરથી એકવાર સ્વપ્નમાં આવ્યું કે ગુણવંતા પરમાત્મા અમૃત વરસ્યા રે પંચમકાળમાં....



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—ત્યાગ તે જૈનધર્મ છે કે નથી?

ઉત્તર :—સમ્યગ્દર્શનપૂર્વકનો જેટલે અંશે વીતરાગભાવ પ્રગટે તેટલે અંશે કષાયોનો ત્યાગ થાય છે તેને ધર્મ કહેવાય છે. સમ્યગ્દર્શનાદિ અસ્તિરૂપ ધર્મ છે અને ત્યાં મિથ્યાત્વ અને કષાયનો ત્યાગ તે નાસ્તિરૂપ ધર્મ છે પણ સમ્યગ્દર્શન વિનાના ત્યાગથી ધર્મ નથી; જો મંદકષાય હોય તો પુણ્ય થાય.

પ્રશ્ન :—ધર્મ-અધર્મનો આધાર કોના ઉપર છે?

ઉત્તર :—એક તરફ સંયોગ અને બીજી તરફ સ્વભાવ, બંને એક સમયે છે. ત્યાં દૃષ્ટિ કોના ઉપર પડી છે તેના ઉપર ધર્મ-અધર્મનો આધાર છે. સંયોગ પર દૃષ્ટિ છે તો અધર્મ અને સ્વભાવ પર દૃષ્ટિ છે તો ધર્મ.

પ્રશ્ન :—ધર્મનું આચરણ શું છે?

ઉત્તર :—સ્વભાવની સાથે સંબંધ જોડવો અને પરની સાથે સંબંધ તોડવો અર્થાત્ જેવો પોતાનો સ્વભાવ છે, તેવો જાણીને શ્રદ્ધા-જ્ઞાનમાં તેનો સ્વીકાર કરવો તે સમ્યગ્દર્શન ને જ્ઞાનનું આચરણ છે. તે પછી તે સ્વભાવમાં ઉપયોગની એકાગ્રતા કરવી તે ચારિત્રનું આચરણ છે. આ આચરણમાં જ ધર્મ થાય છે. અન્ય કોઈ ધર્મનું આચરણ નથી.

પ્રશ્ન :—સામાયિક કેટલા પ્રકારની છે? તેમાંથી ચોથે ગુણસ્થાનમાં કઈ કઈ છે?

ઉત્તર :—જ્ઞાનસામાયિક, દર્શનસામાયિક, દેશવિરતિસામાયિક અને સર્વવિરતિ સામાયિક—એમ ચાર પ્રકારની સામાયિક છે. પોતાના પૂર્ણ જ્ઞાનસ્વભાવનો આદર ને વિકારનો આદર નહિ તે જ્ઞાન-દર્શનરૂપ સામાયિક છે. પહેલાં મિથ્યાત્વને લીધે એમ માનતો કે 'પુણ્ય સારાં ને પાપ ખરાબ, અમુક મને લાભ કરે ને અમુક મને નુકશાન

શુભ કે અશુભ જે રૂપ તે 'તું જો મને' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ચક્ષુગોચર રૂપને; ૩૭૬. –શ્રી સમયસાર

કરે,' તેથી શ્રદ્ધા અને જ્ઞાનમાં વિષમભાવ હતો. હવે, કોઈ પર મને લાભ નુકશાન કરનાર નથી, ને પુણ્ય તથા પાપ બંને મારું સ્વરૂપ નથી. એવી સ્વભાવના આશ્રયે સમ્યક્ શ્રદ્ધા થતાં જ્ઞાનદર્શનમાં સમભાવ પ્રગટ્યો. દયાભાવ હો કે હિંસાભાવ હો, તે મારું સ્વરૂપ નથી, ત્રિકાળ ચૈતન્યભાવ તે હું છું—એમ સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાન કરવાં તે શ્રદ્ધા-જ્ઞાનરૂપ સામાયિક છે. આરંભ-પરિગ્રહમાં રહેલા સમ્યગ્દષ્ટિને પણ તે સામાયિક હોય છે. એ સામાયિક બે ઘડીની જ નથી હોતી, પણ સદાય વર્તે છે. ત્યાર પછી સ્વભાવની લીનતારૂપ ભાવ પ્રગટે ને રાગાદિ ટળે ત્યારે દેશવિરતિરૂપ સામાયિક હોય છે અને ઘણી સ્વભાવલીનતા પ્રગટ થતાં સર્વસંગ પરિત્યાગી મુનિદશા પ્રગટે છે તે સર્વવિરતિરૂપ સામાયિક છે.

પ્રશ્ન :—શું એકલું ચારિત્ર જ ધ્યાન છે કે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન પણ ધ્યાનના પ્રકાર છે?

ઉત્તર :—શુદ્ધ આત્મસ્વભાવની શ્રદ્ધા કરવી તે પણ પરમાત્મસ્વભાવનું જ ધ્યાન છે. સમ્યગ્દર્શન પણ સ્વરૂપની જ એકાગ્રતા છે અને સમ્યગ્જ્ઞાન તે પણ ધ્યાન જ છે અને સમ્યક્ચારિત્ર પણ ધ્યાન છે. એ ત્રણે સ્વાશ્રયની એકાગ્રતારૂપ ધ્યાનના જ પ્રકાર છે અને પરાશ્રયની એકાગ્રતા તે મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર છે. ધ્યાનની જ મુખ્યતાથી આ શાસ્ત્રમાં વર્ણન છે. પરમાત્મસ્વભાવના ધ્યાનથી જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સમ્યગ્જ્ઞાન પણ ચૈતન્યની એકાગ્રતારૂપ ધ્યાનથી જ થાય છે, ને સમ્યક્ચારિત્ર પણ તે ધ્યાનથી જ થાય છે. પરંતુ કોઈ વિકલ્પની પ્રવૃત્તિથી કે જડની ક્રિયાથી સમ્યગ્દર્શન જ્ઞાન કે ચારિત્ર થતાં નથી. રાગની એકાગ્રતા છોડીને, સ્વરૂપની એકાગ્રતા કરવી તે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એકલા જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા કરતાં જ રાગાદિની ચિંતા તૂટી જાય છે તે જ 'એકાગ્ર ચિંતા નિરોધ'રૂપ ધ્યાન છે, ને તે જ મોક્ષમાર્ગ છે.

પ્રશ્ન :—ધ્યાન અને પર્યાયને દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કેમ કહી છે?

ઉત્તર :—સમયસાર ગાથા ૩૨૦માં (જયસેન આચાર્યે) ધ્યાનને કથંચિત્ ભિન્ન કહ્યું છે તેનો અર્થ પરની અપેક્ષાએ ધ્યાન પર્યાય તે પોતાની છે તેથી અભિન્ન છે અને શાશ્વત ધ્રુવ દ્રવ્યની અપેક્ષાથી ધ્યાન પર્યાય વિનશ્વર હોવાથી પર્યાયને ભિન્ન કહી છે. ખરેખર તો દ્રવ્ય ને પર્યાય બંને અભિન્ન છે.

શુભ કે અશુભ જે ગંધ તે 'તું સૂંઘ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ઘ્રાણગોચર ગંધને; ૩૭૭. –શ્રી સમયસાર



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર મૈત્રીનું સ્વરૂપ શું છે?

સમાધાન :—હું જ્ઞાયક છું એમ અંતરમાંથી પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને અંદરમાંથી પોતે રાગથી નિવર્તે અને પોતે પોતામાં લીનતા કરે અર્થાત્ હું જ્ઞાયક છું તેમ જ્ઞાયકરૂપે પરિણમન કરે તો જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી છે.

આ બધું ઉદયાધીન છે, હું જ્ઞાયક માત્ર છું, આ બધો વિભાવભાવ છે તેમ માત્ર બોલ્યા કરે અને અંતરમાંથી ભેદજ્ઞાન ન કરે તો તેને જ્ઞાયકરૂપે પરિણતિ ન થાય, પણ તે બોલવારૂપ થાય. શુભ પરિણતિ કરી તેમાં સંતુષ્ટ થાય તો પણ તે ક્રિયામાં રોકાઈ જાય છે. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને તેમ જ હું જ્ઞાયક છું તેમ જાણીને, રાગથી જુદો પડે અને જ્ઞાયકની જ્ઞાયકરૂપ પરિણતિ કરે તો જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી છે, એટલે કે તેણે અનેકાન્તપણે આત્માને યથાર્થ ગ્રહણ કર્યો છે. હું ચૈતન્ય દ્રવ્ય અખંડ શાશ્વત છું, એમ જાણીને જેવો જ્ઞાયક છે તેવી પરિણતિ પ્રગટ કરે છે. અર્થાત્ પર્યાયમાં પણ રાગથી નિવર્તે છે અને પોતાની જ્ઞાયકરૂપ પરિણતિ પ્રગટ કરે છે, તો તેને ખરેખર ભેદજ્ઞાન અને જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ છે. માત્ર એકલી ક્રિયામાં સંતોષાઈ જાય અને બોલવામાં જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ કર્યા કરે તથા આ બધું ઉદયાધીન છે એમ માની અંતરમાંથી રાગથી નિવર્તન કરતો નથી ને ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટ કરતો નથી, તો તેને જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી નથી.

પ્રશ્ન :—જ્ઞાયકની મૈત્રી પ્રગટ કરે તેને જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી હોય?

સમાધાન :—જ્ઞાયકની પરિણતિ પ્રગટ કરે તો જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી થાય. જ્ઞાયકની પરિણતિ જો પ્રગટ નથી થઈ તો તેને મૈત્રી નથી. વિકલ્પથી નક્કી કરે કે આ જ્ઞાનક્રિયા, પણ અંદર જ્ઞાનપરિણતિ નથી તો તેને જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી નથી. તે કાં કોઈ ક્રિયામાં રોકાઈ જાય છે, કાં કોઈ શુષ્ક જ્ઞાનમાં રોકાઈ જાય છે.

કોઈ મુમુક્ષુ આત્માર્થી હોય તે એમ માને કે મારાથી કાર્ય થતું નથી, પણ એક આ જ્ઞાયકની પરિણતિ જ પ્રગટ કરવા યોગ્ય છે. દ્રવ્ય વસ્તુસ્વભાવે જુદું છે તે જુદું

પાડવાથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. આમ વિકલ્પ અવસ્થામાં ભલે તે જ્ઞાન કરે, પણ જ્ઞાન-ક્રિયાની મૈત્રી તો અંદરમાં જ્ઞાયકદશા પ્રગટ થાય તો જ થાય છે.

પહેલાં ભાવનામાં સમજે કે કરવાનું તો આ જ છે. બાકી જે નથી સમજતો તે એકાંતમાં તણાઈ જાય છે, અને માત્ર બોલ્યા કરે છે કે હું જ્ઞાયક છું તથા શુભભાવ કરે તો મેં ઘણું કર્યું તેમ માને છે.

યથાર્થ આત્માર્થી હોય, જેને આત્માનું પ્રયોજન છે તે આ રીતે બરાબર સમજે છે કે આ દ્રવ્ય વસ્તુસ્વભાવે જુદું છે, રાગ તેનો સ્વભાવ નથી તેમ જ જ્ઞાયકરૂપ હું કેમ પરિણમું? તેવી જાતની તેને ભાવના રહે છે. અને એવો નિર્ણય હોય છે કે કરવાનું તો આ જ છે.

પ્રશ્ન :—સુપ્રભાતથી (સમ્યગ્દર્શનથી) માંડીને કેવળજ્ઞાન સુધીની બધી પર્યાયમાં 'સ્વયંભૂ'પણું લીધું તો બીજાનું અવલંબન થોડું-ઘણું હશે કે કેમ?

સમાધાન :—બીજા કોઈનું અવલંબન નહિ. એક 'સ્વયંભૂ' આત્માનું જ આલંબન છે. સ્વયંભૂ આત્મા પોતાથી સ્વતઃસિદ્ધ છે, અને સાધકને સ્વયંભૂ આત્મા સિવાય કોઈનું અવલંબન નથી.

પ્રશ્ન :—દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન થોડું ટેકારૂપે હોય?

સમાધાન :—ચૈતન્ય દ્રવ્યનું જ આલંબન છે. શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન કહેવાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ મારી સાથે રહેજો. કારણ કે મારી અધૂરાશ છે, માટે મને શુભભાવ આવે છે તો તમે મારી સાથે રહેજો, મને તમારો આદર છે. ભક્તિમાં આવે છે કે, જેમ મને મારા સ્વભાવનો આદર છે, તેમ તમારો મને આદર છે, માટે તમે સાથે રહેજો. હું જ્યાં આગળ જાઉં ત્યાં મને સાથીદાર તરીકે સહાયમાં દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે રહેજો. એવી ભાવના ભાવે છે. બાકી આલંબન તો દ્રવ્યનું છે અને કામ પોતાને કરવાનું છે. પણ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે પૂરી ભક્તિ આવે છે. તમે મારી સાથે રહેજો એમ ભાવનામાં આવે, પણ તેને ભાવનામાં એમ નથી થતું કે આ બધું બહારનું છે અને કરવાનું તો તેને અંતરમાં છે ને? તેવા ભાવ નથી આવતા. શુભ ભાવમાં ઊભો છે, હજી વીતરાગ નથી થયો તેથી મારી સાધનામાં તમે મારી સાથે રહેજો. પૂજ્ય ગુરુદેવ મને સહાયરૂપ છે, મને ઉપદેશ આપે એવી ભાવના હોય. પૂજ્ય ગુરુદેવના પ્રતાપે જ હું આગળ ગયો, પૂજ્ય ગુરુદેવે જ બધું આપ્યું છે એમ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ભક્તિભાવ આવ્યા વગર રહેતો નથી. પુરુષાર્થ પોતે કરે, પણ ઉપકાર દેવ-શાસ્ત્ર-ગુરુનો આવ્યા વગર રહેતો નથી. કેમકે

અનાદિકાળથી અજાણ્યો માર્ગ ગુરુદેવે બતાવ્યો છે ને? દ્રવ્ય અનાદિ-અનંત શુદ્ધ હોવા છતાં પરિણતિ પલટાવવામાં જે પુરુષાર્થ થાય છે તેમાં દેવ-શાસ્ત્ર-ગુરુ નિમિત્તરૂપે હાજર હોય છે. અનાદિનો નિમિત્ત—નૈમિત્તિક સંબંધ એવો છે કે અનાદિથી જે પોતે સમજ્યો નથી તે પહેલીવાર સમજે ત્યારે દેશનાલબ્ધિ હોય છે અને તેમાં દેવ કે ગુરુનું પ્રત્યક્ષ નિમિત્તપણું હોય છે. કાર્ય પોતાથી જ થાય છે, પણ નિમિત્ત-ઉપાદાનનો સંબંધ હોય છે. અનાદિ મિથ્યાદૃષ્ટિને પહેલાં દેશનાલબ્ધિ થાય છે અને તે કાળે દેવ કે જ્ઞાની ગુરુ પ્રત્યક્ષ નિમિત્ત હોય છે. માટે પ્રત્યક્ષનો ઉપકાર કહેવામાં આવે છે.

''પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહિ'' તે વાત શ્રીમદ્જીએ લીધી છે. પ્રત્યક્ષનો ઉપકાર છે. અનાદિથી પોતે ચૈતન્યદ્રવ્ય શુદ્ધ હોવા છતાં, જ્યારે તેની પર્યાય પલટવાનો પુરુષાર્થ હોય ત્યારે દેવ-ગુરુ નિમિત્ત હોય છે. એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ હોય છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર હોવા છતાં આવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ હોય છે. આ રીતે પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિકનો કેવો સંબંધ છે તે જ્ઞાનમાં રાખીને, દૃષ્ટિ તેના દ્રવ્ય ઉપર હોય છે. જેમ જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી છે તેમ દૃષ્ટિ અને જ્ઞાન મૈત્રીથી કામ કરે છે.

પ્રશ્ન :—મુનિરાજ અહીંથી દેવગતિમાં જાય તો ત્યાં પરિણતિની ગાઢપતામાં શું ફેર પડી જાય?

સમાધાન :—ગાઢપતામાં ફેર પડી જાય. ગુણસ્થાન પલટાઈ ગયું, મુનિદશા છૂટી ગઈ. દેવગતિની સાથે એવો સંબંધ છે કે મુનિદશા રહે નહીં. આ તો ક્ષયોપશમ ચારિત્રદશા હતી, પુરુષાર્થની ધારા ક્ષયોપશમ હતી એટલે પલટાઈ ગયું છે. પણ મુનિરાજે અંદર શુદ્ધોપયોગરૂપ મુનિદશા પ્રગટ કરી હતી તે દશા નિષ્ફળ જતી નથી. બીજા મનુષ્યભવમાં પુરુષાર્થ કરે એટલે પરિણતિ સહજ પ્રગટ થઈ જાય છે. અહીં જે ગાઢપતા કરીને ચારિત્રદશા પાળી છે તે દેવલોકનો ભવ પૂરો થતાં બીજા ભવમાં પુરુષાર્થ કરે એટલે પાછી તે દશા આવી જાય છે. દેવલોકનો તો પ્રકાર જ એવો છે કે ત્યાં મુનિપણું લઈ શકાતું જ નથી, મુનિદશા આવતી જ નથી. શુભભાવથી જે પુણ્ય બંધાયું તેના કારણે દેવલોકનો ભવ વચ્ચે આવી જાય છે.

મુનિદશામાં કેવળજ્ઞાન ન થયું અને વચ્ચે શુભભાવના કારણે દેવલોકનું આયુષ્ય બંધાયું તેથી ત્યાં રોકાવાનું બની જાય છે. અહીં એકદમ પુરુષાર્થની જે ધારા ચાલતી હતી તેમાં વચ્ચે શુભભાવને લઈને સાધકદશાનો, વિસામાનો પ્રકાર આવે છે. પછી મનુષ્યભવ પામીને, આગળ જાય છે.

## બાળ વિભાગ

# વનવાસી અંજના

### (વન-ગુફામાં મુનિદર્શનનો મહાન આનંદ)

(સંસારનો અતિ દુ:ખ પ્રસંગ કે જ્યારે ઉપર આકાશ અને નીચે ધરતી એવી પરિસ્થિતિ હોય, તે સમયે જીવને ધર્મ અને ધર્માત્મા કેટલા શરણરૂપ થાય છે– તેની મહિમા બતાવતો સતી અંજનાના જીવનનો એક પ્રેરક પ્રસંગ)

બાવીસ વર્ષ સુધી પતિ પવનંજયનો વિયોગ સહન કરતી સતી અંજનાને જે સમયે સાસુ કેતુમતીએ કલંક લગાડીને ક્રૂરતાપૂર્વક પોતાના રાજ્યમાંથી બહાર કાઢી મૂકી અને જે સમયે તેને પોતાના પિતાના ઘરે પણ આશ્રય મળ્યો નહીં, કોઈએ તેને શરણ આપ્યું નહીં, તે સમયે સંપૂર્ણ સંસારથી ઉદાસ થઈ તે સતી પોતાની એક સખી સાથે વન તરફ ચાલી.

ચાલો સખી ત્યાં ચાલો.....જ્યાં મુનિઓનો વાસ હોય.

અંજના કહે છે–"હે સખી ! આ સંસારમાં આપણું કોઈ નથી. શ્રી દેવ-ગુરુ-ધર્મ જ આપણા સાચા માતા-પિતા છે. હંમેશા તેમનું જ શરણ છે."

વાઘથી ભય પામેલી હરણ સમાન અંજના પોતાની સખી સાથે વનમાં જઈ રહી છે....વનવાસી મુનિરાજોને યાદ કરતી જઈ રહી છે અને ચાલતા-ચાલતા થાકી જાય છે ત્યારે બેસી જાય છે. તેનું દુ:ખ જોઈને સખી વિચારે છે કે–

"અરે ! પૂર્વના કેવા પાપનો ઉદય આવ્યો કે આ રાજપુત્રી નિર્દોષ અને ગર્ભવતી હોવા છતાં પણ આવા દુ:ખને પામી છે. સંસારમાં કોણ કોની રક્ષા કરે ? પતિના ઘરે જેનો અનાદર થયો....જે પિતા તેને પ્યારથી જમાડતા હતા તે પિતા દ્વારા પણ જેનો તિરસ્કાર થયો......તેની માતા પણ તેની સહાય ન કરી શકી. સગો ભાઈ પણ આવા દુ:ખના સમયે સહાય ન કરી શક્યો. રાજમહેલમાં રહેવાવાળી અંજના આ સમયે ભયંકર વનમાં ભટકી રહી છે. અરે ! દુર્ભાગ્યની આ પળમાં એકમાત્ર ધર્મ જ



આ શીલવતીને શરણ છે. જ્યાં પૂર્વકર્મનો ઉદય આવ્યો હોય ત્યારે સમતાપૂર્વક ધર્મસેવન જ શરણભૂત છે, બીજું કોઈ શરણ નથી." ઉદાસ અંજના વનમાં અતિ વિલાપ કરે છે, સાથે અંજનાની સખી પણ રોઈ રહી છે. નિર્જન વનમાં અંજના અને તેની સખીનું રુદન એટલું કરુણ હતું કે તે સાંભળીને આજુ-બાજુમાં રહેવાવાળી હરણીઓ પણ ઉદાસ થઈ ગઈ.

ઘણા સમય સુધી રુદન ચાલતું રહ્યું....અંતે વિલક્ષણ ચિત્તવાળી સખીએ ધૈર્યપૂર્વક અંજનાને છાંતી સરસી ચાંપીને કહ્યું–

"હે સખી! શાંત થાઓ....રોવાનું છોડો! વધારે રોવાથી શું લાભ થવાનો છે? તમે તો જાણો છો કે આ સંસારમાં જીવને કોઈ શરણ નથી, અહીં તો સર્વજ્ઞ દેવ, નિર્ગ્રંથ વીતરાગી ગુરુ અને તેમનાથી પ્રરૂપિત ધર્મ–આ જ સાચા માતા-પિતા અને બંધુ છે, આ જ શરણભૂત છે, તમારો આત્મા જ તમને શરણરૂપ છે, તે જ સાચો રક્ષક છે અને આ અસાર સંસારમાં બીજું કાંઈ શરણભૂત નથી. માટે હે સખી! આવા ધર્મચિંતન વડે મનને શાંત કર.....અને પ્રસન્ન થા.

હે સખી! આ સંસારમાં પૂર્વ કર્મના અનુસાર સંયોગ-વિયોગ થાય છે, તેમાં હર્ષ-શોક શા માટે કરવો? જીવ વિચારે છે કાંઈ અને થાય છે કાંઈ! સંયોગ-વિયોગ તેને આધીન નથી.....આ તો બધી કર્મની વિચિત્રતા છે. માટે હે સખી! તું નકામી દુઃખી ન થા, દુઃખ છોડીને શાંતચિત્ત થઈ પોતાના મનને વૈરાગ્યમાં દૃઢ કર."

–આમ કહીને સ્નેહપૂર્વક સખીએ અંજનાના આંસુ પોછ્યા. સતી અંજનાનું ચિત્ત શાંત થયું અને તે ભાવના ભાવવા લાગી–

કર્મોદયના વિવિધ ફળ, જિનદેવે જે વર્ણવ્યા,
તે મુજ સ્વભાવથી ભિન્ન છે, હું એક જ્ઞાયકભાવ છું.

સખીએ અંજનાના હિત માટે કહ્યું –"હે દેવી! ચાલો આ વનમાં જ્યાં હિંસક પ્રાણીઓનો ભય ન હોય–એવું સ્થાન જોઈને, કોઈ ગુફા સાફ કરીને ત્યાં રહીશું. અહીં સિંહ, વાઘ અને સાંપનો ભય છે."

સખીની સાથે અંજના જેમ-તેમ ચાલે છે, સાધર્મીના સ્નેહબંધનથી બંધાયેલી થકી સખી તેના પડછાયાની જેમ સાથે જ ચાલે છે. અંજના ભયંકર વનમાં ભયથી કાંપી રહી હતી, તે સમયે તેનો હાથ પકડીને સખી કહે છે–"અરે મારી બહેન! તું ડર મા....મારી સાથે ચાલ." સખીનો મજબૂત હાથ પકડીને અંજના ચાલવા લાગી. થોડી દૂર એક ગુફા દેખાણી.

સખીએ કહ્યું–"ત્યાં જઈએ."

પરંતુ અંજનાએ કહ્યું–"હે સખી! હવે મારામાં એક ડગલું પણ ચાલવાની શક્તિ નથી....હું ખૂબ જ થાકી ગઈ છું."

સખીએ ખૂબ જ પ્રેમપૂર્વક શબ્દોથી તેનું ધૈર્ય બંધાવ્યું અને સ્નેહથી તેનો હાથ પકડીને ગુફાના દ્વાર સુધી લઈ ગઈ. બંને સખી ખૂબ જ થાકી ગયેલી હતી. વગર વિચાર્યે ગુફાની અંદર જવું હિતાવહ નથી એમ વિચારી થોડીવાર બહાર જ બેસી ગઈ. પણ જ્યારે



તે બંનેએ ગુફામાં જોયું..... ગુફાનું દૃશ્ય જોતા જ બંને સખી આનંદિત થઈ આશ્ચર્યચકિત થઈ ગઈ.

—એવું તે ગુફામાં તેમણે શું જોયું ?

અહા ! તેમણે જોયું કે ગુફાની અંદર એક વીતરાગી મુનિરાજ ધ્યાનમાં લીન હતા. ચારણઋદ્ધિધારી મુનિરાજનું શરીર નિશ્ચલ હતું. મુદ્રા પરમશાંત અને સમુદ્ર સમાન ગંભીર છે. આંખો નીચી ઝુકેલી છે, આત્માનું જેવું સત્ય સ્વરૂપ જિન-શાસનમાં કહ્યું છે—તેવું જ તેમના ધ્યાનમાં દેખાઈ રહ્યું છે. પર્વત જેવા અડોલ છે. આકાશ જેવા નિર્મળ છે અને પવન જેવા અસંગી છે, અપ્રમત્તભાવમાં ઝૂલી રહ્યા છે અને સિદ્ધ સમાન આત્મિક આનંદનો અનુભવ કરી રહ્યા છે.

ગુફાની અંદર એકાએક મુનિરાજને જોઈને બંનેની ખુશીનો પાર રહ્યો નહીં. ''અહો ! ધન્ય મુનિરાજ !''—એમ કહેતી થકી હર્ષપૂર્વક તે બંને સખી મુનિરાજ પાસે ગઈ. મુનિરાજની વીતરાગી મુદ્રા જોઈને તે પોતાનું સર્વ દુઃખ ભૂલી ગઈ. ભક્તિપૂર્વક ત્રણ પ્રદક્ષિણા દઈને હાથ જોડીને નમસ્કાર કર્યા. આવા વનમાં મુનિ જેવા પરમ મિત્ર મળે તો ખુશીના માર્યા આંસુ નીકળવા લાગ્યા....અને નજર મુનિરાજના ચરણોમાં રોકાઈ ગઈ. તે બંને હાથ જોડીને કરુણાપૂર્વક મુનિરાજની સ્તુતિ કરવા લાગી.

''હે ભગવાન ! હે કલ્યાણરૂપ ! આપ સંસારને છોડીને આત્મહિતની સાધના કરી રહ્યા છો...જગતના જીવોના આપ પરમ હિતકારક છો. આપનો વિહાર જીવોના કલ્યાણનું કારણ છે.''



એમ વિનયપૂર્વક સ્તુતિ કરીને, મુનિના દર્શનથી જેમનો સંપૂર્ણ ભય દૂર થઈ ગયો....અને તેમનું ચિત્ત અત્યંત પ્રસન્ન થયું.

ધ્યાન સમાપ્ત થતાં મુનિરાજે પરમશાંત અમૃતમયી વચનોથી ધર્મની મહિમા બતાવીને ધર્મસાધના માટે પ્રોત્સાહિત કર્યા અને અવધિજ્ઞાનથી મુનિરાજે અંજનાના

ગર્ભમાં સ્થિત ચરમશરીરી હનુમાનનો વૃત્તાંત તથા પૂર્વભવમાં અંજના દ્વારા જિન-પ્રતિમાનો અનાદર કરવાથી આ સમયે અંજના ઉપર કલંક લાગ્યું છે''—તે બતાવતા કહ્યું કે—''હે પુત્રી તું ભક્તિપૂર્વક જિનેન્દ્ર ભગવાન અને જિનધર્મની આરાધના કરજે....આ પૃથ્વી પર જે સુખ છે, તે બધો પ્રતાપ તને મળશે. માટે હે ભવ્યાત્મા! તારા ચિત્તમાંથી ખેદનો ત્યાગ કરી પ્રમાદ રહિત થઈ ધર્મકાર્યમાં મન લગાડ.''

અહો! અંજનાને મુનિરાજના દર્શનથી જે પ્રસન્નતા થઈ, તેનું વર્ણન અશક્ય છે. આનંદથી તેના નેત્ર પલક ઝપકવાનું ભૂલી ગયા...અહો! આ ઘનઘોર વનમાં અમને ધર્મપિતા મળ્યા, આપના દર્શનથી અમારા દુઃખ દૂર થઈ ગયા, આપના વચનોથી અમને ધર્મરૂપી અમૃત મળ્યું...આપ પરમ શરણરૂપ છો—એમ કહી વારંવાર પ્રણામ કરવા લાગી.

નિસ્પૃહી મુનિરાજ તો ધર્મનો ઉપદેશ આપી આકાશમાર્ગે વિહાર કરી ગયા. મુનિરાજના ધ્યાનથી પવિત્ર આ ગુફાને તીર્થ સમાન જાણી બંને સખી ત્યાં સાવધાન થઈને રહેવા લાગી. ક્યારેક તે જિનભક્તિ કરતી તો ક્યારેક મુનિરાજને યાદ કરી વૈરાગ્યથી શુદ્ધાત્મતત્ત્વની ભાવના ભાવવા લાગી....

આ પ્રમાણે ધર્મની સાધનાપૂર્વક સમય પસાર થયો અને યોગ્ય સમયે (ચૈત્ર સુદ પૂનમ)ના દિવસે અંજનાએ એક મોક્ષગામી પુત્રરત્નને જન્મ આપ્યો.....જે આગળ જઈને વીર હનુમાનના નામથી પ્રખ્યાત થયો.

(તે હનુમાન આત્મજ્ઞાની ધર્માત્મા હતા.....તેના જીવનના આનંદકારી પ્રસંગ આગળના અંકમાં વાંચશો)

---

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ)

છે. જાત્રા કરનાર આત્માની અજ્ઞાનીને ખબર નથી. પોતે જ્ઞાનપદ છે, અભેદ છે. જે જ્ઞાનપર્યાય ભેદમાં અટકતી તેને અંતર્મુખ કરી ત્યારે તે અભેદ થઈ. વિકાર પર્યાયમાં છે પણ સ્વભાવમાં નથી એમ દૃષ્ટિ થતાં પર્યાયમાં સંસાર હતો તે પર્યાયમાંથી છૂટ્યો. પર એવી વાણીને ત્યાગી ચિદાનંદ આત્મા આવો છે—એવા અંતર્જલ્પ હતો, તેને પણ ત્યાગી દીધો. સાકરની પૂતળીમાં મીઠાશ અને સફેદાઈ ભરેલી છે, તેમ ચિદાનંદ પૂતળી બધે જ્ઞાન અને આનંદથી ભરેલી છે. તેને પીછાનીને મોહની ભાવનાને તોડી નાખ. આવો રાગ કરશું તો આ સંયોગો પામીશું એવો ભ્રમ ટાળ, આત્મા અનંત ગુણોનો સમૂહ છે. જ્ઞાન, દર્શન, આનંદનો પિંડ છે. અંતર રમવાને લાયક છે તે મારું સ્વરૂપ છે એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને અનુભવ છે. (ક્રમશઃ) ❋

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# સમાધિતંત્ર અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ પરિવાર, જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક-૧ (કુલ માર્ક્સ-૫૦)

અભ્યાસ ક્રમ –**સમાધિતંત્ર ગાથા ૧ – ૧૫**

**સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.**
**(૨) પ્રશ્નોના ઉત્તર સમાધિતંત્ર આધારિત આપવાના રહેશે.**

---

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ બાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (બે લાઈનમાં)** **૨૪**

(૧) આ સમાધિતંત્ર શાસ્ત્રના રચનાકાર અને ટીકાકાર કોણ છે?

(૨) આ શાસ્ત્રના ટીકાકારના મંગલાચરણમાં કોને નમસ્કાર કરવામાં આવ્યા છે? તેમનું સ્વરૂપ શું છે? ટીકાકારે શું પ્રતિજ્ઞા કરી છે?

(૩) ગ્રંથકાર આચાર્યના મંગલાચરણમાં તેઓશ્રી કોને અને શું કહેવા માગે છે?

(૪) અર્હંત ભગવાન કેવા છે? તેમને શા માટે નમસ્કાર કરવામાં આવ્યા છે?

(૫) અર્હંત ભગવાનની વાણી કેવી છે?

(૬) આ ગ્રંથમાં શિવ, વિધાતા, સુગત, વિષ્ણુ વગેરે વિશેષણો કોના માટે છે?

(૭) પરમાત્માને નમન કરીને આચાર્યદેવ કોનું સ્વરૂપ કહેવા માગે છે? ક્યા સાધન વડે?

(૮) બહિરાત્માને ત્યજી ક્યો ઉપાય કરવો જોઈએ? તેનાથી શું અંગીકાર થાય છે?

(૯) આ ગ્રંથમાં ક્યા દૃષ્ટાંતથી અંતરાત્માને બહિરાત્માપણું અને પરમાત્માપણું કહ્યું છે?

(૧૦) પરમાત્માના જુદા જુદા નામો જણાવો.

(૧૧) બહિરાત્મા કોને ભૂલીને, કોના અસ્તિત્વથી પોતાનું અસ્તિત્વ માની શામાં આત્મબુદ્ધિ કરે છે?

(૧૨) અંતરાત્મા જીવો ક્યા ગુણસ્થાને હોય છે?

(૧૩) બહિરાત્માને ક્યા કારણે સ્ત્રી-પુત્ર આદિમાં વિભ્રમ વર્તે છે?

**પ્રશ્ન-૨ : નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર આપો. (પાંચ-છ લાઈનમાં)** **૧૨**

(૧) પંચ પરમેષ્ઠીમાં પહેલા અરિહંતદેવ છે તો તેના બદલે અહીં સિદ્ધ ભગવાનને પ્રથમ નમસ્કાર કેમ કર્યા?

(૨) બહિરાત્મા કોને કહે છે? તે ગ્રંથના આધારે સમજાવો.

(૩) મૂઢ બહિરાત્મા દેહમાં રહેલા આત્માને શું માને છે?

**પ્રશ્ન-૩ : ખાલી જગ્યા પૂરો.** **૫**

(૧) બહિરાત્માને ................ કહેવાય છે.

(૨) અજ્ઞાની જીવને ............. સંસ્કાર દઢ થાય છે.

(૩) સંસારમાં દુઃખનું મૂળ કારણ ............... છે.

(૪) ............... જીવને પર્યાયમાં અહંબુદ્ધિ થાય છે.

(૫) અજ્ઞાની જીવને .................. જોઈને રાગ-દ્વેષ થાય છે.

**પ્રશ્ન-૪ : નીચે આપેલ કોઈ એક વિષય ઉપર નિબંધ લખો. (પંદરથી-વીસ લાઈનમાં)** ૯

(૧) બહિરાત્મા અને અંતરાત્માનું સ્વરૂપ વિસ્તારથી સમજાવો.

(૨) પરમાત્માનું સ્વરૂપ વિસ્તારથી સમજાવો.

ઉત્તરપત્ર મોડામાં મોડા તા. ૩૦-૫-૨૦૧૮ સુધીમાં સોનગઢ પહોંચાડવા વિનંતી

---

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (સોળમીવારનું) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

❋ **શ્રુતપંચમી પર્વ** :—જેઠ સુદ ૫, તા. ૧૮-૬-૨૦૧૮, સોમવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્‌ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

❋ **આદ્રા નક્ષત્ર** :—આદ્રા નક્ષત્રનો પ્રારંભ તા. ૨૨-૬-૨૦૧૭ના રોજ સવારે ૧૧.૧૨ મિનિટે થાય છે.

---

## બાળકો માટેના આપેલ પ્રશ્ન મે – ૨૦૧૮ના ઉત્તર

(૧) આત્મા આત્મા
(૨) આનંદ
(૩) ભેદજ્ઞાન
(૪) અભાવ
(૫) ભેદજ્ઞાન
(૬) આત્મા
(૭) અશરીરી, સિદ્ધાલય
(૮) આત્મા
(૯) ચિંતામણિ, આત્મા
(૧૦) ચૈતન્યસ્વરૂપ
(૧૧) વીતરાગી, અતીન્દ્રિય
(૧૨) સમ્યક્‌દૃષ્ટિ
(૧૩) ગણધર
(૧૪) સમ્યક્‌દૃષ્ટિ
(૧૫) મોક્ષ
(૧૬) રાગ, જ્ઞાન
(૧૭) રાગ, મિથ્યાત્વ
(૧૮) આનંદ
(૧૯) સત્ય
(૨૦) સંસાર, દુઃખ

## (૫૮)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો)

(૧) ભરતક્ષેત્રના બાલ તીર્થંકરોના જન્માભિષેક ઈશાન દિશામાં આવેલ .............. શિલા ઉપર થાય છે. (રક્ત, કમ્બલા, પાંડુક)

(૨) સત્, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અને................ દ્રવ્યના લક્ષણ છે. (જાણપણું, અરૂપીપણું, ગુણપર્યાયો)

(૩) ઉદય, ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમરૂપ ચાર અવસ્થાઓ .................... ની છે. (જીવ, દ્રવ્યકર્મ, ભાવકર્મ)

(૪) અંજનગિરિ, દધિમુખગિરિ, રતિકર એ ................ પર્વતોના નામ છે. (પંચમેરુ, નંદીશ્વર, કુલાચલ)

(૫) ઘાતિકર્મ અને અઘાતિકર્મમાં .................... છે. (અન્યોન્ય, પ્રધ્વંસ, અત્યંત)

(૬) ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ તિર્યંચનો જીવ આયુષ્ય પૂર્ણ કરીને ............ ગતિમાં ઉત્પન્ન થાય છે (દેવ, મનુષ્ય, નારક)

(૭) આજ માગશર વદ અગિયારસના દિને પાર્શ્વનાથ ભગવાનનો જન્મકલ્યાણક દિન છે એમ કહેવું એ ............ નિક્ષેપનો પ્રકાર છે. (ભાવ, દ્રવ્ય, સ્થાપના)

(૮) ૮૪ લાખ યોનીના પ્રકારમાં બે ઈન્દ્રિય જીવોની ............. લાખ યોની છે. (બે, સાત, ચૌદ)

(૯) કોઈ સ્ત્રી ચોખા વીણતી હોઈ તેને જોઈને કોઈએ પૂછ્યું કે તમો શું કરી રહ્યા છો ? ત્યારે તેણે કહ્યું કે હું ભાત બનાવી રહી છું, આમ કહેવું એ ........... નયનો પ્રકાર છે. (સંગ્રહ, શબ્દ, નૈગમ)

(૧૦) નવ પદાર્થ, છ દ્રવ્યો અને પાંચ અસ્તિકાયનું વિશેષ વર્ણન ........... શાસ્ત્રમાં આવે છે. (અષ્ટપાહુડ, પંચાસ્તિકાય, આત્માનુશાસન)

(૧૧) અવધિજ્ઞાનનાં ત્રણ પ્રકારમાં દેવ—નારકીને ............... જ્ઞાન હોય છે. (સર્વાવધિ, દેશાવધિ, પરમાવધિ)

(૧૨) પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે "જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ ............. છે." (જ્ઞેય, ઉપાદેય, હેય)

(૧૩) પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત બોલ-૨૨૦માં આવે છે કે ''જ્ઞાયક પરિણતિનો દૃઢ અભ્યાસ કર. શુભભાવના કર્તૃત્વમાં પણ આખા લોકનું ............. સમાયેલું છે.''
(જ્ઞાતાપણું, કર્તાપણું, ભોક્તાપણું)

(૧૪) જ્ઞાનનું વિપરીતરૂપ પરિણમન ................ કર્મના ઉદયથી થાય છે.
(મોહનીય, જ્ઞાનાવરણીય, અંતરાય)

(૧૫) પંચેન્દ્રિય જીવના .............. ભેદ છે. (ત્રણ, બે, પાંચ)

(૧૬) હિંસાના ચાર પ્રકારમાં શત્રુથી પોતાના બચાવ માટે કરવામાં આવતી હિંસાને ............... હિંસા કહે છે. (આરંભી, વિરોધી, ઉદ્યમી)

(૧૭) કારતક, ફાગણ અને અષાઢ મહિનાઓમાં આઠમથી પૂનમ સુધી દેવો દ્વારા નંદીશ્વર દ્વીપમાં કરવામાં આવતી પૂજાને ................. પૂજા કહેવામાં આવે છે.
(ઈન્દ્રધ્વજ, અષ્ટાહ્નિકા, ચતુર્મુખ)

(૧૮) જીવ પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી, તે રૂપે પરિણમતો નથી અને તે રૂપે ઉપજતો નથી, માટે કર્તા નથી આ વાત સમયસાર શાસ્ત્રમાં ............... અધિકારમાં કહેવામાં આવેલ છે.
(સંવર, આસ્રવ, કર્તાકર્મ)

(૧૯) અંગબાહ્ય અને અંગ પ્રવિષ્ટ બે ભેદ ............... જ્ઞાનના છે.
(શ્રુત, મનઃપર્યય, મતિ)

(૨૦) ક્ષાયિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ............ પર્યાયમાં થાય છે.
(દેવ–મનુષ્ય, તિર્યંચ–મનુષ્ય, મનુષ્ય)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન મે–૨૦૧૮ના ઉત્તર

૧) અનંતચતુષ્ટય
૨) અગુરુલઘુત્વ
૩) સપ્તભંગી
૪) વિભાવ
૫) નય
૬) ઔપશમિક
૭) પ્રવચનસાર
૮) ૬૩
૯) સ્વાતિ
૧૦) મધ્ય
૧૧) સાત
૧૨) સમ્યગ્દર્શન
૧૩) વચનામૃત
૧૪) શ્રીધર
૧૫) આગમાર્થ
૧૬) દ્રવ્ય
૧૭) સૂક્ષ્મતમ, સ્થૂળતમ
૧૮) ૧૨
૧૯) ઉદયાભાવીક્ષય
૨૦) કષાય

## (૫૮)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ચોથી ઢાળમાંથી મળશે.)

(૧) જ્યાં જ્ઞાન-ચેતના છે ત્યાં .............. અને ............. છે.

(૨) જે ............... માં છે તેમાં પરિણામ જોડે ત્યારે ............. મળે.

(૩) .............. તે જ સુખનું ખરું સાધન છે.

(૪) જ્ઞાની કે અજ્ઞાની બધાને ............... તે જ સુખનું કારણ છે.

(૫) શુદ્ધ જ્ઞાન પરિણમનમાં સમ્યક્ .........., .......... અને ........... સમાય છે.

(૬) અજ્ઞાનથી જીવ .................. ને મોક્ષનું કારણ માને છે.

(૭) પુણ્ય જીવને .............. માં લઈ જાય છે.

(૮) શુદ્ધજ્ઞાનનું પરિણમન ................. માં લઈ જાય છે.

(૯) જ્ઞાનમય ................ ની અનુભૂતિ કરવી તે શાસ્ત્ર ભણતરનું ફળ છે.

(૧૦) ............... જ્ઞાન સ્વભાવમાં સુખ છે.

(૧૧) ............. સુખનો સ્વાદ ચાખતા અનંતકાળના સંસારનો થાક ઉતરી જાય છે.

(૧૨) જીવ અનંતવાર પુણ્ય કરીને ................ માં ગયો છે.

(૧૩) ............... થી જુદો પડે અને .............. રૂપ પરિણમે ત્યારે સુખનો સ્વાદ આવે.

(૧૪) સાચું સુખ .............. થી જ મળે છે.

(૧૫) ............... પ્રકાશ વડે જ ............ અંધકાર ટળે.

(૧૬) શુભરાગ પણ .............., .............. અને દુઃખરૂપ છે.

(૧૭) ............. તે આત્માનું જીવન છે.

(૧૮) ........... પર્યાય, ........... ધર્મ અને ................ નું શ્રવણ જીવને ચિંતામણિ સમાન છે.

(૧૯) એ ચિંતામણિને પામીને .............. ને ઓળખી લેવો.

(૨૦) જિનવરદેવે કહેલા પદાર્થો ..........., .............., .......... સ્વરૂપ છે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન :—સ્વભાવ સન્મુખ થવા હું શુદ્ધ છું, જ્ઞાયક છું, આદિ ચિંતવન કરતાં કરતાં એવો અપૂર્વ આનંદ આવે છે તે આનંદ અતીન્દ્રિય છે કે કષાયની મંદતાનો છે તે કેમ ખ્યાલમાં આવે ?

ઉત્તર :—ચિંતવનમાં કષાયની મંદતા ઘણી થતાં તેને આનંદ માની લ્યે તે ભ્રમ છે. ખરો અતીન્દ્રિય આનંદ નથી. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતાં રાગ ને જ્ઞાનની ભિન્નતા પ્રતીતમાં આવે છે. એ અતીન્દ્રિય આનંદનું શું કહેવું ? અલૌકિક છે. ખરેખરી રુચિવાળા જીવને કષાયની મંદતામાં અતીન્દ્રિય આનંદનો ભ્રમ થતો નથી. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યા વિના તે ઝંપતો નથી. ૨૯૨.

● પ્રશ્ન :—જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે અને સમ્યક્ સન્મુખ જીવ પણ સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે. તે બન્નેની વિધિનો પ્રકાર એક જ છે કે કાંઈ ફેર છે ?

ઉત્તર :—જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે તેને આત્માનું લક્ષ તો થયું છે આત્મા લક્ષમાં છે ને તેમાં એકાગ્રતાનો વિશેષ પુરુષાર્થ કરતાં વિકલ્પ છૂટી નિર્વિકલ્પ થાય છે. સ્વસન્મુખ જીવને તો હજુ આત્માનું લક્ષ થયું નથી. આત્મા લક્ષમાં આવ્યો નથી. પણ જ્ઞાનમાં ઓઘે-ઓઘે (ધારણાથી) જાણ્યો છે. પ્રત્યક્ષ થયો નથી. વિકલ્પથી આત્માનું લક્ષ ઓઘે-ઓઘે થયું છે તેને અંદર પુરુષાર્થ ઉગ્ર થતાં સવિકલ્પતા છૂટીને નિર્વિકલ્પતા થાય છે. (એ રીતે નિર્વિકલ્પ થવાની વિધિનો પ્રકાર એક હોવા છતાં જ્ઞાનીએ વેદનથી આત્મા જાણ્યો છે અને સ્વસન્મુખતાવાળાએ ઓઘે-ઓઘે—આનંદના વેદન વિના આત્માને જાણ્યો છે.) ૨૯૩.

● પ્રશ્ન :—વિકલ્પથી નિર્વિકલ્પ થવામાં સૂક્ષ્મ વિકલ્પ રોકે છે તેનું શું કરવું?


ઉત્તર :—નિર્વિકલ્પ થવામાં વિકલ્પ રોકતો નથી પણ અંદર ઢળવા યોગ્ય પુરુષાર્થ કરતો નથી તેથી વિકલ્પ તૂટતો નથી. વિકલ્પને તોડવો નથી પડતો પણ સ્વરૂપમાં ઢળવાનો પુરુષાર્થ ઉગ્ર થતાં વિકલ્પ સહજ તૂટી જાય છે. ૨૯૪.

● સંતો કહે છે કે અમે અમારા સ્વઘરમાં આવ્યા. હવે અનુકૂળતાના બરફમાં અમે ઓગળી જવાના નથી અને પ્રતિકૂળતાની અગ્નિમાં બળવાના નથી. અમારો જ્ઞાન વિલાસ પ્રગટ્યો છે એમાં અમે પોઢ્યા તે પોઢ્યા. હવે અમને ઉઠાડવા કોઈ સમર્થ નથી. ૨૯૫.

આત્મધર્મ
જૂન-૨૦૧૮
અંક-૧૦ ● વર્ષ-૧૨

Posted at Songadh PO
Publish on 1-6-2018
Posted on 1-6-2018

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org